**આજનો સુવિચાર**

વિચારનો ચિરાગ બૂઝાઈ જવાથી આચાર પણ અંધ થઈ જાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૧ જૂનાગઢ તા.૨૩-૮-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 211, Junagadh : Date : 23 August, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## ઈતિહાસ રચાશે

## આજે સાંજે ૬.૦૪ કલાકે લેન્ડર વિક્રમનું ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડીંગ કરાશે : સમગ્ર વિશ્વની મીટ

શ્રીહરિકોટા તા. ૨૩ : આજે ભારતીય સમય અનુસાર સાંજે ૬.૦૪ કલાકે લેન્ડર વિક્રમ ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરાશે આ ઉપરાંત, ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બનશે. આ મિશન પર ૬૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન તેના સૌથી મહત્વપૂર્ણ મિશન મૂન માટે ચંદ્રયાન-૩ની ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરવા માટે તૈયાર છે. આખો દેશ ચંદ્રયાન-૩ માટે ઉત્સાહથી ભરેલો છે. ૧૪૦ કરોડ ભારતીયો સહિત સમગ્ર વિશ્વની નજર મૂન મિશન પર ટકેલી છે. આજે ભારતીય સમય અનુસાર સાંજે ૬.૦૪ કલાકે લેન્ડર વિક્રમ ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરશે. આ ઉપરાંત, ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બનશે. ઈસરો સાંજે ૫:૨૦ વાગ્યે તેના કેન્દ્ર પરથી ઈવેન્ટનું જીવંત પ્રસારણ કરશે. ઈવેન્ટ ઈસરોની સત્તાવાર વેબસાઈટ isro.gov.in પર લાઈવ-સ્ટ્રીમ થશે. ચંદ્રયાન-૩નું લાઈવ પ્રસારણ દૂરદર્શનની રાષ્ટ્રીય ચેનલ સાથે ઈસરોની વેબસાઈટ, યુટ્યુબ ચેનલ અને ફેસબુક પેજ પર ઉપલબ્ધ રહેશે.

ઈસરોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચંદ્રયાન મિશનમાં સફળતા નક્કી હાથ લાગશે. જો કોઈ ટેકનિકલ સમસ્યા હશે તો લેન્ડિંગ ૨૭ ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવી શકે છે. રશિયા, અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા દેશો હવે ચંદ્ર પર પહોંચવાની અને ત્યાં બેઝ બનાવવાની હોડમાં છે. તેની પાછળ મૂન ઈકોનોમી છે. જેમાં અવકાશમાં વેપારની નવી તકો છે.



## ચંદ્રયાન-૩નું લેન્ડીંગ ચાર પ્રક્રિયામાં પૂર્ણ થશે : છેલ્લી ૧૭ મિનિટ અત્યંત નિર્ણાયક રહેશે

શ્રીહરિકોટા તા. ૨૩

ભારતનું ચંદ્રયાન-૩ ઈતિહાસ રચવા તૈયાર છે. ૧૪૦ કરોડ ભારતીયોની સાથે સમગ્ર વિશ્વની નજર આ મિશન પર ટકેલી છે. સાંજે ૬:૦૪ વાગ્યે તેનું લેન્ડિંગ થવાની આશા છે. તમામ પરિમાણો તપાસ્યા પછીઅને લેન્ડિંગનો નિર્ણય લીધા પછી, ISRO બેંગલુરુ નજીક બાયલાલુ ખાતે તેના ઈન્ડિયન ડીપ સ્પેસ નેટવર્ક પરથી ઉતરાણના થોડા કલાકો પહેલાં લેન્ડિંગ મોડ્યુલમાં તમામ જરૂરી આદેશો અપલોડ કરશે. સોફ્ટ-લેન્ડિંગ પ્રક્રિયા ૧૯ મિનિટમાં પૂર્ણ થશે. તેમાંથી ૧૭ મિનિટ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આ દરમિયાન લેન્ડરનું એન્જિન યોગ્ય સમયે અને યોગ્ય ઉંચાઈ પર શરૂ કરવું પડશે. ઈંધણની યોગ્ય માત્રાનો ઉપયોગ કરવો પડશે અને ઉતરાણ કરતા પહેલા ખાતરી કરવી પડશે કે ત્યાં કોઈ અવરોધ, ટેકરી અથવા ખાડો ન હોય.

૧. રફ બ્રેકિંગ તબક્કોઃ હાલમાં, ચંદ્રની ૨૫ કિમી x ૧૩૪ કિમીની ભ્રમણકક્ષામાં હાજર ચંદ્રયાન-૩નો વેગ લગભગ ૧૬૮૦ મીટર પ્રતિ સેકન્ડ છે. લેન્ડર ૨૫ કિમીની ઉંચાઈથી ચંદ્રની સપાટી પર ઉતરવાનું શરૂ કરશે. વિક્રમ લેન્ડરમાં ફીટ કરાયેલા ચાર એન્જિનને ફાયરિંગ કરીને વેગમાં ઘટાડો થશે.

૨. એલ્ટીટ્યુડ હોલ્ડ તબક્કોઃ "ઓલ્ટીટ્યુડ હોલ્ડ ફેઝ" લગભગ ૧૦ સેકન્ડ માટે કરવામાં આવશે. આ સમયે લેન્ડર ૩.૪૮ કિમીનું અંતર આવરી લેતાં આડીથી ઊભી સ્થિતિમાં નમશે. ઊંચાઈ ૭.૪૨ કિમીથી ઘટાડીને ૬.૮ કિમી કરવામાં આવશે અને વેગ ઘટાડીને ૩૩૬ m/s (હોરિઝોન્ટલ) અને ૫૯ m/s (ઊભી) કરવામાં આવશે.

૩. ફાઈન બ્રેકિંગ તબક્કોઃ આ પ્રક્રિયા ૧૭૫ સેકન્ડથી ચાલશે. આ તબક્કામાં લેન્ડર સંપૂર્ણપણે ઊભી સ્થિતિમાં જશે, ઊંચાઈ ૬.૮ કિમીથી ઘટીને ૮૦૦/૧૦૦૦ મીટર થઈ જશે અને ઝડપ લગભગ શૂન્ય m/s હશે. લગભગ ૬.૮ કિમીની ઊંચાઈએ પહોંચવા પર, ફક્ત બે એન્જિનનો ઉપયોગ કરવામાં આવશે. અન્ય બે એન્જિન બંધ કરવામાં આવશે. ૧૫૦ થી ૧૦૦ મીટરની ઉંચાઈ પર પહોંચવા પર લેન્ડર તેના સેન્સર અને કેમેરાનો ઉપયોગ કરીને સપાટીને સ્કેન કરશે અને તપાસ કરશે કે તેમાં કોઈ અવરોધો છે કે કેમ અને પછી સોફ્ટ-લેન્ડિંગ કરવા માટે તેનું ઉતરાણ શરૂ કરશે.

૪. ટર્મિનલ ડિસેન્ટ તબક્કોઃ જ્યારે લેન્ડર નિર્ધારિત લેન્ડિંગ સાઈટથી લગભગ ૧૦ મીટર ઉપર હશે, ત્યારે તેના તમામ એન્જિન બંધ થઈ જશે જેથી તે તેના પગ પર સીધું નીચે આવી શકે. આ છેલ્લું પગલું હશે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન, વિક્રમ લેન્ડર અને ઓનબોર્ડ કોમ્પ્યુટર પર લગાવવામાં આવેલ વિશેષ સેન્સર તેની દિશાને સતત નિયંત્રિત કરશે.

## G-20 સમિટનાં બે દિવસ પહેલા અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બિડેન ભારતનાં પ્રવાસે આવશે

વોશીંગ્ટન તા. ૨૩

વ્હાઈટહાઉસ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ જો બિડેન G20 સમિટની શરૂઆતના બે દિવસ પહેલા એટલે કે ૭ સપ્ટેમ્બરે ભારત પહોંચશે. તેમની મુલાકાત ચાર દિવસની રહેશે. ખાસ વાત એ છે કે બિડેન ઈન્ડોનેશિયામાં યોજાનારી આસિયાન સમિટમાં ભાગ લેશે નહીં

ભારતની અધ્યક્ષતામાં આગામી મહિને નવી દિલ્હીમાં G20 સમિટ યોજાવા જઈ રહી છે. G20 સમિટ ૯ થી ૧૦ સપ્ટેમ્બર સુધી પ્રગતિ મેદાનના કન્વેન્શન સેન્ટરમાં યોજાવાની છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન G20 સમિટના બે દિવસ પહેલા એટલે કે ૭ સપ્ટેમ્બરે ભારત પહોંચશે. આવું પ્રથમ વખત બનશે જયારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ ભારતમાં ચાર દિવસ રોકાશે. આ દરમિયાન વડાપ્રધાન મોદી અને બિડેન બે વાર મળવાના છે.

## મિઝોરમમાં નિર્માણાધિન રેલ્વે પુલ ધરાશયી થતાં ૧૭નાં મોત



ઐઝવાલ તા. ૨૩

મિઝોરમમાં આજે સવારે એક અંડર કન્સ્ટ્રક્શન રેલવે બ્રિજ તૂટી પડતાં ઓછામાં ઓછા ૧૭ કામદારોનાં મોત થયાં છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈએ અધિકારીઓને જણાવ્યું કે રાજધાની આઈઝોલથી ૨૧ કિમી દૂર સૈરાંગમાં સવારે ૧૦વાગ્યે આ અકસ્માત થયો હતો.

ઘટના સમયે બ્રિજ પર ૩૫ થી ૪૦ મજૂરો કામ કરી રહ્યા હતા. બૈરાબીને સાયરાંગથી જોડતી કુરુંગ નદી પર આ પુલ બનાવવામાં આવી રહ્યો હતો. વહીવટીતંત્ર બચાવ કાર્ય ચલાવી રહ્યું છે.

બ્રિજમાં કુલ ૪ પિલર છે જેમાંથી ત્રીજા અને ચોથા થાંભલાની વચ્ચેનો ગાર્ડર નીચે પડી ગયો છે. આ ગાર્ડર પર તમામ મજૂરો કામ કરતા હતા. જમીનથી પુલની ઊંચાઈ ૧૦૪ મીટર એટલે કે ૩૪૧ ફૂટ છે. એટલે કે પુલની ઊંચાઈ કુતુબમિનાર કરતાં પણ વધુ છે.

## અમદાવાદમાં ડ્રગ્સની હેરાફેરીનું નેટવર્ક ઝડપાયું રૂા.૨ કરોડનાં એમડી ડ્રગ્સ સાથે પેડલરની ધરપકડ

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ શહેરનાં ગીતા મંદિર પાસેથી અધધધ બે કરોડ રૂપિયાની કિંમતના નશાકારક એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. ડ્રગ્સના જથ્થા સાથેઅનેક પેડલરની ધરપકડ કરાઈ છે.ટ્રાવેલ્સની બસમાં ડ્રગ્સની હેરાફેરી થતી હોવાનો અને યુપીથી ડ્રગ્સનો જથ્થો લવાયો હોવાનો ખુલાસો થયો છે.

પોલીસે યુપીના ડ્રગ્સ માફીયા અને ગુજરાતના ડ્રગ્સ માફિયાના કનેકશનની તપાસ શરૂ કરી છે.

રૂા.૨ કરોડના એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપાયેલો આરોપી યુપીનો ડ્રગ્સ પેડલર મહેશકુમાર ઉર્ફે વિજય નિષાદ છે. જે ઉતરપ્રદેશથી ડ્રગ્સનો જથ્થો બસમાં લઈને અમદાવાદ આવી રહ્યો હતો. આ ડ્રગ્સ પેડલર ગુજરાતના ડ્રગ્સ માફિયા પાસે પહોંચે તે પહેલાં બાતમી મળતા એસઓજી ક્રાઈમની ટીમે ગીતા મંદિર પાસેથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે પેડલરને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૨ કરોડની કિંમતનું બે કિલો એમડી ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો. એસઓજી ક્રાઈમે યુપીના ડ્રગ્સ પેડલરની ધરપકડ કરીને ગુજરાત અને ઉતરપ્રદેશના ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

યુપીના બહરાઈચ ખાતેના ડ્રગ્સ માફીયા સદામ ઉર્ફે રઈસે ડ્રગ્સનો જથ્થો અમદાવાદ મોકલાવ્યો હોવાનો ખુલાસો થયો છે. મહાવીર ટ્રાવેલ્સની બસમાં ડ્રગ્સની હેરાફેરી કરતા ડ્રગ્સ પેડલરને રંગે હાથે ઝડપી લીધો છે. પકડાયેલ ડ્રગ્સ પેડલર મહેશકુમાર નિષાદ લખનૌથી ડ્રગ્સનો મોટો જથ્થો લઈ બસમાં બેઠો હતો. લખનૌથી જયપુર ગયો હતો. ત્યાં ચાર કલાક રોકાયા બાદ જયપુરનાં ડ્રગ્સ માફિયાને ડ્રગ્સનો જથ્થો સપ્લાય કર્યો હતો. આ ડ્રગ્સ પેડલરે ૧૦ કિલોથી વધુનો જથ્થો જયપુરમાં આપ્યો હોવાની શકયતા એસઓજીએ વ્યક્ત કરી છે. ડ્રગ્સ આપ્યા બાદ જયપુરથી મહાવીર ટ્રાવેલ્સમાં અમદાવાદ ગીતા મંદિર પહોંચ્યો હતો.

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફ્લેટ વેચવાનો છે..
(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્ક્વેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

**સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**

**ફ્લેટ વેચવાનો છે**

3BHK ડાઈનીંગ, ફ્લેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગીઅને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારેછે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)


આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ

ડૉ. નિકુંજ કુંમર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦

ડૉ. મૌલિક ભાલોડીયા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦

માતૃત્વ વુમન્સ હોસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH

ડૉ. ઋજુલબેન ગજેરા કુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦

આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતી સમાજ પોતાના હક અધિકાર અને સરકારની ભેદભાવ ભરી નીતિ સામે બોલાવશે મહાપંચાયત : અમિત ચાવડા

## ૮૨ ટકા વસ્તીને દર વર્ષ બોર્ડ નિગમમાં ૧૬૬ કરોડની ફાળવણી અને ૧૮ ટકા વસ્તીને ૫૦૦ કરોડની ફાળવણી, આવો ભેદભાવ કેમ ? : કોંગ્રેસની સટાસટી



(નિતીનવસાણી દ્વારા)

રાજકોટ તા.૨૩

સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજેલ સ્વાભિમાન ધરણા જે બિન રાજકિય આયોજન ઓજસ-ઓબીસી જન અધિકાર સમિતિ દ્વારા યોજવામાં આવેલ હતો. જેમાં ઓબીસી સમાજના તમામ સમાજિક અને ધાર્મિક આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં મુખ્યત્વે આંદોલનનો પાયો નાખનાર અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, અર્જુનભાઈ મોઢવાડિયા, સેવાદળના ચેરમેન લાલજીભાઈ દેસાઈ સાથે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યઓ, પૂર્વ ધારાસભ્યએ, તમામ નેતાગણ અને હજારો લોકો સમગ્ર ગુજરાતમાંથી હાજર રહ્યા હતા. સ્વાભિમાન ધરણામા અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૮૨ ટકા વસ્તી ધરાવતા **OBC, ST, SC, Minority** સમાજને પોતાના હક અધિકાર માટે ધરણા કરવા પડે એજ બતાવે છે કે ડબલ એન્જીન સરકારમાં ખુબ જ અન્યાય થઈ રહ્યો છે.

અમે સરકારમાં બેઠેલા ઓ.બી.સી. સમાજના નેતાઓને પણ આ ધરણામાં અવવાનું આમંત્રણ આપેલું પણ કોઈ જ આવ્યા નહિ. સમાજની અવગણના કરીને તેઓ તેમના પક્ષના આદેશ મુજબ હાજર રહ્યા નહિ. અમે સરકારના નેતાઓ અને મંત્રીઓને કેહવા માંગીએ છીએ કે જે સમાજે તમને આ સ્થાન ઉપર બેસાડ્યા છે, જે સમાજના લિધે તમે ચૂંટાયા છો એ સમાજને જયારે તમારી જરૂરિયાત હોઈ ત્યારે તમારે પણ સમાજ માટેની લડાઈમા મંચ ઉપર આવવું જોઈએ. ડબલ એન્જીનની સરકારમાં ગુજરાતના ઓ.બી.સી. સમાજના ગરીબોને ડબલ અન્યાય થઈ રહ્યો છે. એક તો રાજકિય રીતે અનામત નાબુદ કરીને આ સમાજને ખતમ કરવાનું કામ થઈ રહ્યું છે અને બીજી બાજુ તેના માટે પુરતું બજેટ નહી ફાળવીને સમાજને ડબલ અન્યાય કરવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અનામત નાબુદ કરીને આ અન્યાયી સરકાર એક સંદેશો આપવા માંગતી હતી. રાજકિય રીતે અનામત ખતમ કરીને અને પરીક્ષણ કરીને સરકાર જોવા માગતી હતી કે આવનારા દિવસોમાં આ અનામત શિક્ષણ અને નોકરીઓમાંથી ખતમ કરે તો પ્રતિક્રિયા કેવી આવે છે પણ આ બિનરાજકિય ઓબીસી સમિતિને અભિનંદન કે આપણા સૌની પહેલથી આ લડાઈ શરૂ થઈને સરકારે જસ્ટીસ ઝવેરીની આગેવાનીમાં એક સમર્પિત આયોગ બનાવવું પડ્યું, જ્યાં ઓબીસી સમાજે પોતાની તમામ માંગણીઓ રજુ કરી. આવા સમયમાં જયારે ૭૧૨૦ ગ્રામ પંચાયતો, ૭૫ નગરપાલિકા, ૨ જિલ્લા પંચાયત, ૨૦ તાલુકા પંચાયતની ચૂંટણી થઈ શકી નથી અને ત્યાં વહીવટદારોનું શાસન ચાલે છે ત્યારે સૌના વતી અમે આ ચાર માંગો સરકાર સમક્ષ મુકવા માંગીએ છીએ. જેમાં ૧. જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવે. ૨. સરકાર ઝવેરી આયોગનો રીપોર્ટ પ્રસિદ્ધ કરે અને તમામ સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી સમાજને ૨૭ ટકા અનામત આપવામાં આવે. ૩. રાજય સરકારના બજેટમાં ઓબીસી સમાજ માટે ૨૭ ટકા રકમની અલગથી ફાળવણી કરવામાં આવે અને એસ.ટી. એસ.સી. સબપ્લાનની જેમ ઓબીસી સબપ્લાન કમિટીઓ દરેક સ્તરે બનાવવામાં આવે. ૪. સહકારી સંસ્થાઓમાં એસ.ટી, એસ.સી., ઓબીસી, લઘુમતી સમાજ માટે અનામત લાગુ કરવામાં આવે. સામાજિક ન્યાય અધિકારિતા અંતર્ગત સરકારે બનવેલા ૯ નિગમોમાંથી ૮ નિગમોમાં **SC ST** લઘુમતી સમાજના ઉત્કર્ષ માટે પ્રતિવર્ષ ૧૬૬ કરોડ ફાળવણી કરવામાં આવે છે જયારે ૧૮ ટકા વસ્તિ જે બિનઅનામત વર્ગ માટે બનેલ નિગમમાં ૫૦૦ કરોડ ફાળવણી કરવામાં આવે છે. આ હળહળતો ભેદભાવ અને અન્યાય છે. જેમ બિન અનામતના આંદોલન સમયે સૌ સમાજ ભેગા થઈને લડત લડ્યા હતા એ જ રીતે આજે ગરીબોની લડાઈ માટે સૌ સમાજને અપિલ છે કે આવો સૌ ભેગા થઈને આ લડત લડીએ. આવનારા સમયમાં શિક્ષણ, નોકરીઓ, અનામત, બજેટની ફાળવણી અને રાજકિય અનામતના સંદર્ભે એસ.સી, એસટી, ઓ.બી.સી અને લઘુમતી સમાજ પોતાના હક અધિકાર અને સરકારની ભેદભાવ ભરી નીતિ સામે મહાપંચાયત બોલાવશે તેમ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

## ‘સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ’ પુસ્તકનું રાજમાતા શુભાંગીની રાજેના શુભ હસ્તે લોકાર્પણ કરાયું





(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢ તા.૨૩

મહારાજા સયાજીરાવ ત્રીજાએ ભવિષ્યનો વિચાર કરી ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે પુસ્તકો સમાજને મળતા રહે તે માટે રૂપિયા બે લાખ અનામત મુકેલા એનાથી લોકોને સરળતાથી પુસ્તકો મળે તેમની જ્ઞાન ભૂખ, વાંચન ભૂખ સંતોષાય અને લેખકોની કલમને બળ અને પ્રોત્સાહન મળે. એ માટે બે લાખના વ્યાજમાંથી પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું તથા સંસ્કૃતિ અને વિદ્યા પ્રચાર અને જાળવણીનું કામ પ્રાચ્ય વિદ્યામંદિર કરે છે. શ્રી સયાજી સાહિત્યમાળાનું ૩૮૪મું પુષ્પ જૂનાગઢની ડો.સુભાષ મહિલા કોલેજના અધ્યાપક આપણા ભાઈ ડો.પ્રદ્યુમ્નભાઈ ખાચરે ૨૬ પ્રકરણોમાં ‘સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ’ આલેખેલ. જેનું લોકાર્પણ વડોદરાના રાજમાતા શુભાંગીની રાજેના શુભ હસ્તે તા.૧૭/૮/૨૩ના રોજ વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. આ અવસરે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય વડોદરાના કુલપતિ ડો.વિજયકુમાર શ્રીવાસ્તવ તથા એમ.એસ.યુનિ.ના આર્ટસ ફેકલ્ટીના ડીન આધ્યા સક્સેના, ડો.વિભૂતિ પરીખ, રાજ વલ્લભ સાદિક નવાબ, ઝાલા સાહેબ, જનજાગૃતિ અભિયાનના મનહર શાહ, પુરાતત્વ વિભાગના ડો.સુસ્મિતા સેન, જસદણ દરબાર સાહેબ તથા જસદણ રાણી સાહેબ અલૌકીકા રાજે અને કાઠી ક્ષત્રીય સમાજના અધિકારી ચેરીટી કમિશ્નર જેબલિયા, ડી.વાય.એસ.પી. ચાંદુ, પી.આઈ.પ્રવીણભાઈ ધાખડા, પી.એસ.આઈ.ભરતભાઈ ખુમાણ, વડોદરા કાઠી ક્ષત્રીય સમાજના પ્રમુખ ડી.ડી.ધાધલ દેવકુભાઈ વાંક, જોરૂભાઈ ખાચર, વીરેન્દ્રભાઈ વાળા, નાજભાઈ ગીડા, સાવજભાઈ પાડવા, કમલેશભાઈ પટગીર, કેશુભાઈ, રવિરાજભાઈ ધાખડા તથા પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક ડો.શ્વેતા પ્રજાપતિ, ડો.ઉમરેઠીયા તથા નગરજનો અને વિદ્યાર્થીઓ હાજર રહેલ હતા.

## રાજયભરની મહિલાઓ દ્વારા ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્રભાઈને રક્ષા સુત્ર અર્પણ કરવા સંદર્ભે મહિલા મોરચાના પ્રમુખ ડો. દિપિકાબેન સરડવાની અધ્યક્ષતામાં પ્રેસ વાર્તા યોજાઈ



(નિતીનવસાણી દ્વારા)

રાજકોટ તા.૨૩

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, રાજયભરની મહિલાઓ દ્વારા ગુજરાત પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રક્ષા સુત્ર અર્પણ કરવા બાબતના કાર્યક્રમની પ્રેસ કોન્ફરન્સ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે યોજાઈ હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ ડો. દિપિકાબેન સરડવાએ પ્રેસ મીડિયાને સંબોધન કર્યુ હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં મહિલા મોરચાના મહામંત્રી સિમાબેન મોહિલે, પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ બહેનો ચંદ્રિકાબેન લીબાંચિયા, ડો. ઉર્વશીબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. ડો. દિપિકાબેન સરડવાજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આવનાર દિવસમાં ભાઈ-બહેનનો તહેવાર રક્ષાબંધન આવી રહ્યો છે તે સંદર્ભે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજયભરની બહેનો દ્વારા રાખડી મોકલવામાં આવશે. ગુજરાતના દરેક જિલ્લા અને મહાનગર, વોર્ડ અને મંડળ સ્તરે ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતન તેમજ નગરપાલિકાની બહેનોએ જાતે રાખડી બનાવી પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પહોંચાડી છે તે રાખડીઓને દિલ્હી મોકલવામાં આવશે. દિપિકાબેન સરડવાએ વધુમાં જણાવ્યું કે, આવનાર દિવસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૩મો જન્મદિવસ આવી રહ્યો છે ત્યારે રાજયભરની બહેનો દ્વારા ૭૩ હજાર કરતા પણ વધુ રક્ષાસુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોકલવામાં આવનાર છે. મહિલા મોરચાના બહેનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘઆયુ જીવન માટે પ્રાર્થના કરશે. આજથી રક્ષાબંધન સપ્તાહનો પ્રારંભ થનાર છે જેમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને રક્ષાસુત્ર બાધવામાં આવશે. તેમજ ૩૦મી તારીખ રક્ષાબંધનના દિવસે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી નિવાસસ્થાને બહેનો રાખડી બાંધવા જશે. તેમજ આ સપ્તાહમાં સમાજની સુરક્ષા પ્રદાન કરતા સુરક્ષા કર્મી, પોલીસ વિભાગના ભાઈઓ તેમજ કચ્છ અને નડાબેટ ખાતે સેનાના ભાઈઓને બહેનો રાખડી બાંધશે. મહિલા મોરચાના કાર્યકર બહેનો દ્વારા વૃક્ષને રાખડી બાંધી તેમના ઉછેર અને જતનનો સંકલ્પ કરે તેનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયભરની મહિલાઓ દ્વારા વડાપ્રધાન રક્ષાબંધનની શુભકામના સાથે લોકસભા ચૂંટણીમાં આ વખતે ૪૦૦થી પણ વધુ બેઠકો જીતે તે માટે શુભેચ્છા સાથે પત્ર મોકલવામાં આવશે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં મોટાપાયે કર્મચારીઓની બદલીનો ઘાણવો : છૂટા કરવાનો આદેશ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની જુદી જુદી શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓની સામૂહિક બદલીઓના ઓર્ડરો થયા છે જેમાં ચાર કર્મચારીઓની જિલ્લામાં આંતરિક બદલી તેમજ ૩૯ કર્મચારીઓને જિલ્લા બહાર બદલી કરી, છુટા કરવાનો હુકમ થયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના નિયંત્રણ હેઠળ ફરજ બજાવતા નાયબ ચીટનીશ સંવર્ગના અધિકારી પી.એ. જેઠવાની આરોગ્ય શાખામાંથી મહેકમ શાખામાં, પંચાયત શાખાના ડી.વી. પંડ્યાને ખંભાળિયા તાલુકા પંચાયત ખાતે, નોંધણી શાખાના એસ.કે. કરમુરની બદલી અહીંની આરોગ્ય શાખામાં તેમજ ભાણવડ તાલુકા પંચાયતના બી.એમ. સોલંકીને જિલ્લા પંચાયતની પંચાયત શાખામાં બદલીનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત નિયંત્રણ હેઠળના જુદા જુદા સંવર્ગના તલાટી કમ મંત્રી સહિતના ૩૯ કર્મચારીઓને રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ટ્રાન્સફર કરી, તેને તાકીદે છુટા કરવાનો આદેશ કરતો હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતમાં લાંબા સમય બાદ સામૂહિક બદલીના ઓર્ડરોથી કર્મચારીઓમાં ચર્ચા જાગી છે.

## કેશોદની બજારોમાં રક્ષાબંધન નજીક આવતા રાખડીઓનું આકર્ષણ





### ઓમ અને રૂદ્રાક્ષ વાળી રાખડીઓ વધુ પ્રચલીત બજારમાં જામ્યો ખરીદીનો માહોલ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૩

રક્ષાબંધનના પવિત્ર તહેવારને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે બજારમાંથી અવનવી રાખડીઓની ધુમ ખરીદી થઈ રહી છે. જેમાં ખાસ કરીને મોતીવાળી, ડાયમંડવાળી, ક્રીસ્ટલવાળી, દોરીવર્ક વાળી, સ્વસ્તિકવાળી, ગણેશજીવાળી, અવનવી રાખડીઓ બજારમાં આવી છે. તેમાંય આ વર્ષે ફોટાવાળી રાખડીઓની વધુ ખરીદી થઈ રહી છે. રાખડીમાં ભાઈનો ફોટો અને ભાઈ બહેનનો ફોટો રાખી શકાય તેવી, તેમજ દર વર્ષની જેમ આ વર્ષે બાળકોને પ્રીય એવી કાર્ટુન કેરેક્ટરવાળી રાખડીઓ પણ બજારમાં આવી છે તેમજ ભાભી માટેની લુંબા રાખડીઓ અલગ અલગ ડીઝાઈનમાં આવી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં મંડપો રાખડીના વેચાણ માટે બનાવાયા છે. આ ઉપરાંત ફેરી કરતી બહેનો પણ દરરોજ સવાર સાંજ વિવિધ વિસ્તારોમાં રાખડીઓ વેચવા જાય છે. તેની પાસે પ્રમાણમાં સસ્તી અને સારી રાખડીઓ મળી રહે છે. તેની પાસે રૂા.૧૦થી લઈને ૧૦૦ રૂપિયા સુધીની રાખડી હોય છે. જ્યારે બજારમાં રૂા.૧૦થી લઈને ૭૦૦ થી ૮૦૦ સુધીની કીંમતે રાખડીઓ વેચાઈ રહી છે. હજુ રક્ષાબંધનને થોડા દિવસોની વાર હોય અને છેલ્લી ઘડીએ પણ રાખડીઓની પુષ્કળ ખરીદી થશે તેવો વેપારીઓનો મત છે. હિન્દુ સમાજમાં રાખડી બાંધવાની પરંપરા વર્ષો પુરાણી છે જે સદીયોથી ચાલતી આવી છે. એક સમય હતો જ્યારે બહેન તેમના ભાઈને ઊનનો કે કોઈપણ સામાન્ય દોરો બાંધી રક્ષાબંધન ઉજવાતી, પરંતુ સમય બદલાયો અને રક્ષાબંધનમાં રાખડીઓના સ્વરૂપો પણ બદલાતા ગયા. આજે બજારમાં જુદા જુદા પ્રકારની રાખડીઓ મળવા લાગી છે. હાલમાં બજારમાં મળી રહેલી રાખડીઓમાં કલકત્તી, ડાયમંડ, સુખડ, બ્રેસલેટ, મોતીવર્ક, રૂદ્રાક્ષ, લુંબા રાખડી, ભાભી રાખડી, અમેરિકીન ડાયમંડ, સોનાની તેમજ ચાંદીની પટીવાળી રાખડી પણ માર્કેટમાં ઉપલબ્ધ છે. નાના ભૂલકાઓ માટે પણ આ વર્ષે ખાસ ડોરેમોન, છોટા ભીમ, એંગ્રીબર્ડ, ૩-ડી રાખડી સહિત જુદા જુદા કાર્ટુન વળી રાખડીઓ ધૂમ મચાવી રહી છે. રાખડીઓમાં ૧૫૦ થી વધુ વેરાયટીઓ બજારમાં મળતી થઈ ગઈ છે પરંતુ તેમાં સૌથી વધુ ઓમ અને રૂદ્રાક્ષ વાળી રાખડીઓ વધુ પ્રચલીત છે. જયારે દરેક રાખડીઓના ભાવમાં ૧૦ ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે બાળકોની રાખડીમાં ૫ ટકા જેટલો વધારો થયો છે. આ ભાવ વધારાના કારણે ક્યાંકને ક્યાંક ગ્રાહકો સહિત વેપારીઓને પણ મોંધવારીનો સામનો કરવો પડી રહ્યો છે. બહારગામ રહેતાં ભાઈઓને સમયસર રાખડી મળી રહે એ માટે પોસ્ટ વિભાગ દ્વારા અને કુરીઅર એજન્સી દ્વારા ઝડપી સેવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

## ખંભાળિયાના બેહ ગામે ગાડા ઉપર જીવંત વીજ વાયર પડતા બે બળદના મૃત્યું: ખેડૂતનો ચમત્કારિક બચાવ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા તાલુકાના બેહ ગામે રહેતા નથુભાઈ કમાભાઈ ચાવડા નામના એક ખેડૂત આધેડ ગઈકાલે મંગળવારે બળદગાડા મારફતે પોતાના ખેતરે જઈ રહ્યા હતા. તે દરમ્યાન રસ્તામાં જીવંત વીજ વાયર તેમના ગાડા ઉપર પડતા બંને બળદના ઘટના સ્થળે જ કરૂણ મૃત્યું નીપજયા હતા. જોકે નસીબ જોગે ગાડા ઉપર સવાર ખેડૂતનો ચમત્કારિક બચાવ થયો હતો. આ બનાવથી ખેડૂત પરિવારમાં વિજ તંત્રની નબળી કામગીરી સામે રોષની લાગણી જોવા મળી હતી.

## રાખડી ભાઈ બહેનના સ્નેહનું પ્રતીક



આપણા સમાજમાં રક્ષાબંધનના પર્વનો અનેરો મહિમા છે. કારણકે એકજ ઘરમાં ઉછરેલાં ભાઈઓ મોટા થતાં પોતાની નોકરી કે કામ ધંધા ઉપર લાગી જાય છે, જ્યારે બહેનો પરણીને સાસરે જાય છે. એક જ ઘરમાં એકજ સાથે ઉછરેલાં ભાઈઓ અને બહેનો વચ્ચે એક વિશેષ નાતો બંધાઈ જાય છે. મોટા થયાં પછી બહેન સાસરે હોવાથી ભાઈ બહેનને એકબીજા સાથે મળવાનું ઓછું બને છે તેથી ભાઈ બહેનનો નાતો અને સંબંધ અતૂટ રહે તે હેતુથી સદીઓથી રક્ષાબંધનનું પર્વ મનાવવામાં આવે છે. આપણાં શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે સૌ પ્રથમ યમરાજાની ભગિની યમી (હાલની યમુના નદી) એ પોતાના ભાઈ યમરાજને રાખડી બાંધી હતી. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધીને ભાઈના જીવનની રક્ષા તથા મંગલમય ભાવિની કામના કરી ભાઈના ઓવારણાં લ્યે છે. તો સામે પક્ષે ભાઈ પણ બહેનની પડખે ઉભા રહી, મુસીબતમાં બહેનને મદદ કરવાનું તથા રાખડીની લાજ નિભાવવાનું વચન આપે છે અને યથાશક્તિ વીરપસલી (ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ) આપે છે. રાખી એ ફક્ત સૂતરનો તાર કે ધાગો નથી, પરંતુ ભાઈ બહેનના સ્નેહનું પવિત્ર બંધન છે. એટલે જ એક બહેન પોતાના ભાઈને કહે છે કે " ઈસે સમજો ના સૂતર કા તાર ભૈયા, મેરી રાખી કા મતલબ હે પ્યાર ભૈયા". વીરાની બહેન ગમે તે સ્થળે ગમે એટલી દૂર વસી હોય, પરંતુ રક્ષાબંધનના દિવસે પોતાના વીરાને રાખડી બાંધવા જરૂરથી આવે છે અને સંજોગોવસાત રૂબરૂમાં આવી ન શકાય તો પોષ્ટ કે કુરિયર મારફત ચોક્કસ પોતાના ભાઈને રાખડી મોકલાવે છે. જે ભાઈને બહેનડી નથી એને જ રાખડીનું મૂલ્ય શું છે એ સમજાય છે. રાખડી એ બહેનનો એનાં ભાઈ પ્રત્યેનો સ્નેહ, લાગણી અને વિશ્વાસ છે. રાખડી આમ જોવા જાવ તો માત્ર એક ધાગો કે સૂતરનો તાર જ છે, પરંતુ એનું મૂલ્ય અમૂલ્ય છે. રાખડીનું કોઈ મૂલ્ય કે દામ આંકી શકાય નહીં. માત્ર આ સૂતરના ધાગામાં બહેનનો ભાઈ પ્રત્યેનો અપાર પ્રેમ, લાગણી અને અતૂટ વિશ્વાસ જોડાયેલા છે. કહેવાય છે કે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને રાખી બાંધી હતી અને પ્રભુએ ભરસભામાં દ્રૌપદીની લૂંટાતી લાજ બચાવીને રાખડીનું કર્જ અદા કર્યું હતું. કુંતા માતાએ પોતાના પૌત્ર એવા અભિમન્યુની રક્ષા કરવા કાજે અમર રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્માવતીએ પણ મેવાડની રક્ષા કરવા મોગલ બાદશાહ હુમાયુને રાખડી મોકલાવી હતી. આમ રક્ષાબંધનનો મહિમા યુગો પુરાણો (જૂનો) છે અને જ્યાં સુધી પૃથ્વી જીવંત છે ત્યાં સુધી ભાઈ બહેનનો સ્નેહ અતૂટ રહેશે અને વીરાના હાથે રાખડી બંધાતી રહેશે. રક્ષાબંધનને બળેવ તથા નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો સમૂહમાં એકઠાં થઈ નદી કિનારે જઈ સ્નાન કરી, પૂજા અર્ચના તથા ગાયત્રી મંત્રોચ્ચાર કરી સૂરજદેવની સાક્ષીમાં જૂનું યજ્ઞોપવિત કાઢી નવું યજ્ઞોપવિત ધારણ કરે છે. યજ્ઞોપવિતને જનોઈ બદલવી એવું પણ કહેવાય છે. યજ્ઞોપવિત પણ રાખડીની જેમ ત્રણ તારનો કે છે તારનો ધાગો જ છે, પરંતુ એ દરેક બ્રાહ્મણોનું આભૂષણ છે, બ્રાહ્મણોની ઓળખ છે અને બ્રાહ્મણોનું ગૌરવ છે. તો બીજી તરફ દરિયાખેડૂઓ પોતાની નાવ, હોડી, નાનાં હોડકાં વિગેરે દરિયા કિનારે લાંગરી દરિયામાં શ્રીફળ, ચુંદડી તથા કંકુ અર્પણ કરીને સાગરદેવની પૂજા કરે છે. આમ ત્રણ પર્વો એકજ દિવસે મનાવાય છે. માટે રક્ષાબંધનનો પવિત્ર દિવસ દરેક રીતે આગવું, અદકેરૂ અને મહત્વનું સ્થાન ધરાવે છે.

**- યોગેશભાઈ આર. જોષી, હાલોલ, પંચમહાલ**

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતનું ગ્રામીણ ક્ષેત્ર પણ ડીજીટલ ક્રાંતિમાં શામેલ

કેન્દ્રીય કેબિનેટે ૬.૪ લાખ ગામડાંને બ્રોડબેન્ડથી જોડવા માટે ૧.૩ લાખ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આશા રાખીએ કે હવે આ સમગ્ર યોજનાને ધરાતલ પર ઉતારવામાં વધુ આસાની થશે. હાલમાં લગભગ બે લાખ ગામડાંમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટની સેવા પહોંચી ચૂકી છે. જો આ યોજના પર યોગ્ય રીતે સમય રહેતાં અમલ કરવામાં આવશે તો ભારતનું ગ્રામીણ ક્ષેત્ર પણ નિશ્ચિત રૂપે ડિજિટલ ક્રાંતિમાં સામેલ થશે. જોકે આ દોર ડિજિટલ યુગનો છે, તેથી આ યોજનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂતી મળવાના પૂરતા અણસાર છે. ગ્રામીણ અર્થવ્યવસ્થાને સુદૃઢ કરવી એટલા માટે આપણા નીતિ-નિયંતાઓની પ્રાથમિકતા યાદીમાં હોવી જોઈએ, કારણ કે ભારતની મોટાભાગની આબાદી હજુ પણ ગામડાંમાં નિવાસ કરે છે. ગામડાંને બ્રોડબેન્ડ સાથે જોડવાથી તેમાં કારોબારી ગતિવિધિઓને બળ મળવાની પણ આશા રાખવામાં આવે છે. તેનાથી સ્વાભાવિક રૂપે જીએસટી સંગ્રહમાં પણ વૃદ્ધિ થશે અને તેનો લાભ આખા દેશને પણ મળશે, પરંતુ તેની સાથે જ સરકારે એ પણ જોવું પડશે કે ગ્રામીણ અર્થવ્યવસ્થા કેવી રીતે વધુ સંસ્થાગત સ્વરૂપ લે. આ એટલા માટે પણ જરૂરી છે કારણ કે દેશની અર્થવ્યવસ્થામાં જે અનુપાતમાં વૃદ્ધિ થઈ રહી છે, તેના અનુરૂપ ટેક્સનો દાયરો વધી નથી શક્યો.

જ્યાં સુધી ગામડાંની વાત છે તો તેમાં આવકનાં સાધનોની સાથે જ લોકોની ડિજિટલ પહોંચ વધી રહી છે અને કારોબારી ગતિવિધિઓનું ક્ષેત્ર પણ વિસ્તૃત થઈ રહ્યું છે, પરંતુ વાત ચાહે જીએસટી સંગ્રહની હોય કે આવકવેરાની, ગ્રામીણ અર્થવ્યવસ્થા કુલ મળીને જૂના ચીલે જ ચાલી રહી છે. એ ઠીક છે કે સરેરાશ ખેડૂત સાધનસંપન્ન નથી અને તેમની આવક પણ સીમિત છે. પરંતુ તેનો અર્થ એ નથી કે ગ્રામીણ ક્ષેત્રોમાં એવા લોકો છે જ નહીં, જે સારી-એવી કમાણી ન કરતા હોય.

મુશ્કેલી એ છે કે ગ્રામીણ ક્ષેત્રોના અતિ ધનાઢ્ય અને ભારે આવક ધરાવતા ખેડૂતો પણ ટેક્સના દાયરાથી બહાર છે. આ યોગ્ય સમય છે કે એના પર વિચાર કરવામાં આવે કે જેની સારી એવી આવક છે અને જેઓ ટેક્સ ચૂકવી શકવામાં સક્ષમ છે, તેમને આવકવેરાના દાયરામાં લાવવામાં આવે. એવું કરવું ગામડાંની પોતાની ખુશહાલી અને બહેતરી માટે પણ જરૂરી છે. સરકારે ગામડાંને આત્મનિર્ભર બનાવવાના કેટલાય સ્તર પર પ્રયાસ કર્યા છે, પરંતુ તેને ત્યારે જ સાર્થકતા મળી શકે છે, જ્યારે ગ્રામીણ અર્થવ્યવસ્થાનું સમગ્ર માળખું સશક્ત અને પારદર્શી હશે. જો સરકાર તમામ ગામડાંને બ્રોડબેન્ડથી જોડવાની પહેલને આર્થિક વિકાસના એક મહત્વના પાસા રૂપે જોઈ રહી છે તો તેણે કૃષિની અર્થવ્યવસ્થા, વિશેષ રૂપે ટેક્સની પ્રણાલી પર નવેસરથી નજર નાખવી જોઈએ.

# પીએમ પદે મોદી ૬૩ ટકા અને રાહુલ ૨૦ ટકા લોકોની પસંદ




નવી દિલ્હી, તા.૨૨

ચાલુ વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. આ રાજ્યોની ચૂંટણીને આગામી વર્ષે યોજાનાર લોકસભા ચૂંટણીની સેમિફાઈનલ મનાઈ રહી છે. રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ છે. એવામાં આમ આદમી પાર્ટી(આપ)ના સૌથી મોટા નેતા અરવિંદ કેજરીવાલે પણ આ રાજ્યોમાં ચૂંટણી મેદાને ઝંપલાવવાની જાહેરાત કરી દીધી છે. ગત દિવસોમાં કુલ ૨૬ વિપક્ષી દળોએ ગઠબંધન કરી ઈન્ડિયાનામના એક વિપક્ષી મોરચાની જાહેરાત કરી હતી. આ મહાગઠબંધનનો ઉદ્દેશ્ય કેન્દ્રની ભાજપ સરકારને હરાવવાનો હતો. ભાજપે એ ક્લિયર કરી દીધું છે કે તેમની પાર્ટીનો પીએમ તરીકે તરીકેનો ચહેરો વડાપ્રધાનમોદી જ રહેશે. એવામાં લોકોના મનમાં સવાલ એ પણ છે કે વિપક્ષી જૂથ ઈન્ડિયાના પીએમનો ચહેરો કોણ બનશે? એક સરવેમાં પૂછાયેલા લોકોને પૂછાયું કે તેમના માટે પીએમના ચહેરા તરીકે કોણ સર્વશ્રેષ્ઠ છે? ચાલો જાણીએ સરવેના પરિણામ. સી વૉટર દ્વારા હાથ ધરાયેલા સરવે અનુસાર કુલ ૬૨% લોકોએ કહ્યું કે તેમના માટે પીએમ તરીકેની પહેલી પસંદ નરેન્દ્ર મોદી જ છે. એટલે કે અડધાથી વધુ વસતીની પસંદગીપીએમ મોદી છે. જ્યારે દિલ્હીના સીએમ કેજરીવાલ પર ૬% લોકોએ પસંદગી ઉતારી હતી. એવામાં કેજરીવાલને પીએમ મોદીની તુલનાએઓછા લોકોએ પસંદ કર્યા. જોકે યુપીના સીએમ યોગી આદિત્યનાથને પીએમ તરીકેના દાવેદાર માત્ર ૩% લોકો જ માને છે. સી વૉટરના સરવેમાં સૌથી વધુ લોકોએ પીએમ મોદીને પસંદ કર્યા હતા. તેમના પછી રાહુલ ગાંધીનો નંબર આવે છે. કુલ ૨૦% લોકોએ પીએમ પદના દાવેદાર ગણાવ્યા હતા. રાહુલ બાદ કેજરીવાલનો વારો આવે છે. સી વૉટરે છત્તીસગઢ વિધાનસભા ચૂંટણી અંગે એક સરવે કર્યો છે. સરવે અનુસાર આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બની શકે છે. રાજ્યની કુલ ૯૦ સીટોમાંથી કોંગ્રેસના ખાતામાં ૪૮-૫૪ બેઠકો જઈ શકે છે. છત્તીસગઢમાં બહુમતી માટે ૪૬ સીટો જરૂરી છે. એવામાં સરવેમાં કોંગ્રેસ બહુમતીના આંકડાને ક્રોસ કરતી દેખાય છે.

### ભારત - ચીન સરહદે

# સીમાવર્તી ક્ષેત્રમાં ઝડપથી સડક અને સુરંગના નિર્માણથી સૈન્ય ટુકડીઓની ત્વરિત મૂવમેન્ટમાં ભારતને સફળતા મળી

નવી દિલ્હી તા. ૨૩

ઉત્તર અને પૂર્વમાં ચીન સાથે ભારતની ૩૪૮૮ કિલોમીટરની સીમા જોડાય છે. ભારત સાથે જોડાતી સીમા પર ચીન સાથે વિવાદ ચાલુ છે. વિવાદને ખતમ કરવાની કોશિશો પણ ચાલુ જ છે. તેમ છતાં તણાવમાં કોઈ ઘટાડો નથી જોવા મળતો. ચીનનું આક્રમક વલણ ભારત-ચીન સંબંધને સહજ નથી રહેવા દેતું. ગલવાન ઘાટીનો જખમ હજુપણ ભરાયો નથી.

સીમા પર વધતા તણાવને જોતાં ભારતે સડક વગેરેના નિર્માણમાં ઝડપ આણી છે. તેનું પરિણામ એ થયું છે કે ભારતીય સેના ચીની સેનાની મૂવમેન્ટ પર નજર રાખવા અને તેને કુશળતાથી પહોંચી વળવામાં સક્ષમ થઈ છે. હાલમાં જ વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતમાં સીમા પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં થનારો ખર્ચમાં ચાર ગણો વધારો થયો છે. ૨૦૧૩-૧૪માં સીમા સડક સંગઠન (બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન)નું બજેટ ૩૭૮૨ કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૩-૨૪માં૧૪૩૮૭ કરોડ રૂપિયાનું થઈ ગયું છે. ૨૦૦૮-૧૪ દરમ્યાન ૩૬૧૦ કિલોમીટર સડકનું નિર્માણ થયું હતું, જ્યારે ૨૦૧૪-૨૨ દરમ્યાન ૬૮૦૬ કિલોમીટર સડકનું નિર્માણ થઈ ગયું.

સીમાવર્તી ક્ષેત્રમાં ઝડપથી સડક અને સુરંગના નિર્માણથી સૈન્ય ટુકડીઓની ત્વરિત મૂવમેન્ટમાં સફળતા મળી છે. નેપાળ-બિહાર સીમા અને નેપાળ-ઉત્તર પ્રદેશ સીમા પર ઈંટીગ્રેટેડ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. આ જ રીતે વધુ ચેકપોસ્ટ ઉત્તરાખંડ સાથે જોડાયેલ નેપાળ સીમા પર પણ બનાવવાની યોજના પર કામ ચાલી રહયું છે. ભૂટાન અને અસમ વચ્ચે રેલવે લિંક બનાવવાની દિશામાં વાત ચાલી રહી છે. ધ્યાન આપવાની વાત એ છે કે ભૂટાન અને ચીનની પરસ્પર કેટલાય દોરની વાર્તા થઈચૂકી છે. ભારતે એ તરફ પણ નજર રાખવી જોઈએ. મ્યાંમારની સીમા પર પડકારજનક સ્થિતિ છે. મ્યાંમાર ટ્રાઈલેટરલ હાઈવે ભારતની એક મહત્ત્વાકાંક્ષી યોજના છે. એના પર પણ કામ ચાલી રહ્યું છે. પૂર્વ લદ્દાખના વિસ્તારમાં સૈન્ય તણાવ ઓછો કરવા માટે ભારત અને ચીન વચ્ચે મંત્રણા ચાલુ છે. આ જ વર્ષે એપ્રિલમાં બંને દેશો વચ્ચે કમાંડર સ્તરની વાતચીત ચુશૂલ-વોલ્દો બોર્ડર મીટિંગ પોઈન્ટ પર થઈ હતી. મંત્રણાની કોશિશો ચાલુ રહેવી જોઈએ, પરંતુ સાથે જ સીમાઈ વિસ્તારોમાં સેનાની શીઘ્ર પહોંચને સંભવ બનાવવા માટે હરસંભવ ઉપાય કરવા જોઈએ.

# ગુજરાત પોલીસે ૪૫ પાકિસ્તાની નાગરિકોની મોરબીમાંથી ધરપકડ કરી

મોરબી,તા.૨૩

પાકિસ્તાનથી હરિદ્વારના વિઝા મેળવીને આવેલા જુદા જુદા પરિવારના કુલ મળીને ૪૫ જેટલા લોકો હાલમાં મોરબી પહોંચ્યા છે અને તે લોકો હવે ભારતમાં જ રહેવા ઈચ્છતા હોય ભારત સરકાર પાસે અહીંયા રહેવા માટે તેને સહયોગ આપવા માટેની અપીલ કરી રહ્યા છે, કારણ કે પાકિસ્તાનમાં મોંઘવારી દિવસેનેદિવસેવધી રહીહોવાથી ત્યાં ગરીબ પરિવારો જીવી શકે તેમ નથી. તેવું હાલમાં તે પરિવાર સાથે આવેલા લોકો જણાવી રહ્યા છે. પાકિસ્તાનથી ઘણા બધા પરિવારો છેલ્લા વર્ષોમાં ભારતમાં વસવાટ કરવા માટે તેને આવી ગયા છે અને હજુ પણ દિવસેને દિવસે પાકિસ્તાન છોડીને લોકો ભારતમાં આવતા હોય તેવું જોવા મળી રહ્યું છે. આટલું જ નહીં પરંતુ થોડા સમય પહેલા જે ગદર ટુ ફિલ્મ સની દેવલની આવી તેમાં પણ એક ડાયલોગ આવે છે કે જો પાકિસ્તાનના લોકોને ભારતમાં રહેવાની છૂટ આપવામાં આવે તો મોટાભાગના લોકો પાકિસ્તાન છોડીને ચાલ્યા જાય તેમ છે. તેવી જ રીતે પાકિસ્તાનના મીરપુર ખાસ ગામના રહેવાસીઓ ભારતમાં હરદ્વાર ખાતે દર્શન કરવા માટે થઈને વિઝા લઈને આવ્યા હતા અને તમામ હિન્દુ પરિવારના બાળકો મહિલાઓ સહિતના કુલ મળીને ૪૫ લોકો હરદ્વારમાં દર્શન કર્યા બાદ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ રહેવા લાગ્યા હતા. જોકે ત્યારબાદ તે લોકો ગત રાત્રે મોરબી જિલ્લામાં પહોંચ્યા છે અને મોરબી જિલ્લા કલેક્ટર કચેરીની પાછળના ભાગમાં આવેલ કોળી સમાજની વાડી ખાતે હાલમાં કોળી સમાજના આગેવાનો દ્વારા તે લોકોને રહેવાને જમવા માટેની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. જોકે આ પરિવાર જે પાકિસ્તાન છોડીને આવ્યા છે તેમની પાસેથી જાણવા મળતી વિગત પ્રમાણે ત્યાં અનાજ તેલ પેટ્રોલ ડીઝલ વગેરેના ભાવ આસમાને છે અને દિવસેને દિવસે ત્યાં મોંઘવારી વધી રહી છે. આ મોંઘવારી વચ્ચે શ્રમજીવી અને ગરીબ પરિવારોને રહેવું ત્યાં મુશ્કેલ બની ગયું છે ત્યારે તે લોકોને તેઓના વડવા ભારતમાં રહેતા હતા. જેથી કરીને હવે ભારતમાં જ રહેવાની ઈચ્છા છે અને ભારતમાં રહેવા માટે થઈને તેઓની પાસેથી જે કોઈ જરૂરી ડોક્યુમેન્ટની જરૂર પડે તે તમામ આપવા માટેની તે લોકો તૈયારી દર્શાવી રહ્યા છે અને ભારત સરકાર તેઓને ભારતમાં રહેવા માટે થઈને સહયોગ આપે તેવી પણ અપીલ બાળકો મહિલાઓ સહિતના પરિવારજનો કરી રહ્યા છે.

## શ્રાવણ સત્સંગ

# લક્ષ્મીજીએ કરેલી શિવ-ભક્તિની કથા



અનેક લીલા કરનારા ભગવાન વિષ્ણુએ એક વખત કોઈ કારણોસર લક્ષ્મીજીનો ભુલોકમાં અશ્વયોનીમાં જન્મ થાય, તેવો શાપ આપ્યો. ભગવાનની દરેક લીલાઓમાં કોઈનો કોઈ રહસ્ય અવશ્ય છુપાયેલું હોય છે. પરંતુ આ શાપ મળવાથી લક્ષ્મીજી અત્યંત દુઃખી અને વ્યથિત થયા. તેમણે પોતાનું દુઃખ અને વ્યથા વિષ્ણુ ભગવાન પાસે વ્યક્ત કરી.

વિષ્ણુ ભગવાને કહ્યું, ‘ હે દેવી, મારુ વચન અફળ તો નહીં જ થાય. પરંતુ થોડો સમય તમે અશ્વયોનીમાં રહેશો, પછી મારા જેવો જ એક પ્રભાવશાળી પુત્ર તમારે ત્યાં થશે. એ સમયે તમારી શાપમાંથી મુક્ત થશે અને તમે મારી પાસે આવી જશો.

ભગવાનના શાપનો ભોગ બનેલા લક્ષ્મીજીએ ભુલોકમાં આવી અશ્વયોનીમાં જન્મ લીધો. કાલીન્દી અને તમસા નદીના સંગમપર ભગવાન શિવજીની લક્ષ્મીજીએ આરાધના કરવી શરૂ કરી. એક હજાર વર્ષ સુધી સતત શિવજીનું ધ્યાન તપ લક્ષ્મીજીએ અશ્વયોજીમાં કર્યું.

તેમની આ ઉગ્ર તપસ્યાથી દેવાધિદેવ મહાદેવજી અત્યંત પ્રસન્ન થયા. સાક્ષાત શિવજી માતા પાર્વતી સહિત વૃષભ ઉપર સવાર થઈ અશ્વ બનેલ લક્ષ્મીજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા, ‘ હે દેવી, તમે તો જગતના માતા છો અને વિષ્ણુ ભગવાનને અત્યંત પ્રિય છો. તમે મુક્તિ-ભુક્તિ દેવાવાળા, આ સંપૂર્ણ જગતના સ્વામી વિષ્ણુ ભગવાનની આરાધના છોડી મારી આરાધના કેમ કરી રહ્યાં છો ?

વેદોમાં સ્પષ્ટ કહ્યુ છે કે, સ્ત્રીઓએ હંમેશા પોતાના પતિની જ ઉપાસના કરવી જોઈએ. સ્ત્રી માટે તેના પતિથી વધારે કોઈ દેવતા નથી. પતિ ગમે તેવા હોય તેજ સ્ત્રીના આરાધ્યદેવ હોય છે. ભગવાન નારાયણ તો પુરૂષોતમ છે, એવા દેવેશ્વર પતિની ઉપાસના છોડી અને તમે મારી ઉપાસના ક્યાં કરવા લાગ્યા ?

ત્યારે લક્ષ્મીજી કહેવા લાગ્યા, ‘ હે શિવજી મારા પતિ દેવના શાપથી જ મારો આ અશ્વયોનીમાં જન્મ થયો છે. આ શાપનો અંત મારે ત્યાં પુત્ર થશે ત્યારે થશે. પરંતુ હું મારા પતિદેવના સાંનિધ્યથી વંચિત છું. તેઓ વૈકુંઠમાં નિવાસ કરે છે. હે દેવાધિદેવ તમારી ઉપાસના મેં એ માટે કરી છે કે, હું શ્રી હરિ અને હરમાં કોઈ ભેદ જોતી નથી. આપ બન્નેય એક જ છો. માત્ર રૂપનો જ ભેદ છે તેવું શ્રી હરિએ મને કહેલુ છે. તમારા એકત્વને જાણીને જ મેં તમારી આરાધના કરી છે. હે ભગવાન તમે મારા પર પ્રસન્ન થઈ મારું દુઃખ દુર કરો.

ભગવાન શિવજીએ લક્ષ્મીજીના આ વચનોને સાંભળી અત્યંત પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુને આ બાબતે પ્રાર્થના કરવાનું વચન આપ્યું. અને શ્રી હરિને પ્રાપ્ત કરવા તથા મહાન પરાક્રમી પુત્ર પ્રાપ્ત થાય તેવું વચન પણ આપ્યું ત્યાર પછી શિવજી માતા પાર્વતી સહિત કૈલાસમાં ગયા.

કૈલાસમાં બુધ્ધિમાન એવા ચિત્રરૂપને બોલાવી તેનો દુત બનાવી અને વૈકુંઠ મોકલાવ્યો. ચિત્રરૂપ દ્વારા ભગવાન શિવજીએ મોકલાવેલ સંદેશો સાંભળી તથા દેવી લક્ષ્મીજીની સ્થિતિને જાણી ભગવાન વિષ્ણુએ અશ્વનું રૂપ લીધું. એ રૂપ સાથે તેઓ લક્ષ્મીજી પાસે ગયા. સમયાન્તરે દેવી લક્ષ્મીને ‘એકવીર’ નામનો પુત્ર થયો. તેના દ્વારા જ ‘હૈહય-વંશ’ની ઉત્પત્તિ થઈ.

આ પ્રકારે લક્ષ્મીજીના શાપની નિવૃતિ થઈ અને ફરી એક વખત દિવ્ય શરીર ધારણ ધરી દેવી લક્ષ્મીજી ભગવાન વિષ્ણુ સાથે વૈકુંઠમાં ગયા. તેમની શિવ આરાધના સફળ થઈ ગઈ.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# ગુલામી કાળના કાયદાથી મુક્તિની પહેલ : સરકારનું ઐતિહાસીક પગલું

ભારતને અંગ્રેજી શાસનના કાયદાઓથી મુક્તિ અપાવવાની દિશામાં સરકારે ઐતિહાસિક પગલું ભર્યું છે. તે અંતર્ગત ગૃહમંત્રી અમિત શાહે સંબંધિત કાયદાઓ સાથે જોડાયેલ વિધેયક લોકસભામાં રજૂ કર્યું. આ પહેલમાં ભારતીય દંડ સંહિતા બદલીને ભારતીય ન્યાય સંહિતા કરવાનો પ્રસ્તાવ છે. તેની સાથે જ દંડ પ્રક્રિયા સંહિતા, જેનો મોટાભાગનો હિસ્સો અંગ્રેજોના જમાનાનો હતો, તેના સ્થાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા લાવવામાં આવી રહી છે. અત્યંત મહત્ત્વપૂર્ણ અને આમ જનમાનસને પ્રભાવિત કરતા આ વિધેયકોને હાલમાં સંસદની સ્થાયી સમિતિ પાસે મોકલી દેવાયા છે. દાયકાઓ સુધી આતંકવાદનો શિકાર રહેલા ભારતના મુખ્ય દંડાત્મક કાયદામાં હજુ સુધી ક્યારેય રાજકીય કારણોને લીધે આતંકવાદની કોઈ પરિભાષા ઘડવામાં નહોતી આવી. પ્રસ્તાવિત ભારતીય ન્યાય સંહિતા આતંકવાદ અને આતંકવાદી કૃત્યોની એક વ્યાપક પરિભાષા આપે છે અને એવા કોઈ કૃત્ય દ્વારા કોઈનું મૃત્યુ થઈ જાય તો ન્યૂનતમ દંડ આજીવન કારાવાસ નિર્ધારિત કરે છે, જે દરમ્યાન આરોપીને પેરોલ પણ નહીં મળી શકે. આ અત્યંત જરૂરી અને સ્વાગતયોગ્ય જોગવાઈ છે. તેની સાથે જ સંવેદનશીલ આધારભૂત માળખા પર હુમલાને પણ આતંકવાદી કૃત્યની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે. એવા કોઈ આતંકી કૃત્યમાં કોઈનું મૃત્યુ નહિ થવાની સ્થિતિમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની જેલની જોગવાઈ છે. તેને વધારીને સાત વર્ષથી વધુ કરી દેવી જોઈએ. સાથે જ એવા મામલે પણ પેરોલની જોગવાઈ ન હોવી જોઈએ, જેથી આતંકી કોઈપણ પ્રકારે પ્રક્રિયાત્મક લાભ ન ઉઠાવી શકે, કારણ કે સાત વર્ષ સુધીની સજા મામલે ભારતીય ન્યાયપાલિકાથી આવનારા કેટલાય ચુકાદાનું વલણ પ્રક્રિયાત્મક બિંદુઓ પર લચીલું રહ્યું છે.

પ્રસ્તાવિત કાયદો સંગઠિત અપરાધપર પ્રહાર કરતાંપહેલી વાર મુખ્ય દંડાત્મક વિધિમાં સંગઠિત અપરાધની પણ એક વ્યાપક પરિભાષા આપે છે જે અંતર્ગત ત્રણ કે તેનાથી વધુ વ્યક્તિઓ દ્વારા સંચાલિત સતત અપરાધિક ગતિવિધિઓને તેમાં અપરાધની શ્રેણીમાં મૂકવામાં આવી છે. સાઈબર અને આર્થિક અપરાધોનેપણ આમાં જ સામેલ કરવામાં આવ્યા છે. આ પરિભાષાને વધુ ધાર આપવા માટે સતત અપરાધિક ગતિવિધિ માનવા માટે એવા અપરાધિક સિંડિકેટ વિરુદ્ધ દસ વર્ષની અવધિમાં બે ચાર્જશીટો પર ન્યાયાલય દ્વારા સંજ્ઞાન લેવું પૂરતું હશે. તેનો પ્રભાવ એ રહેશે કે ડઝનબંધ અપરાધિક કેસો નોંધાવા છતાં પણ માફિયાઓ ખુલ્લા ફરવાનું ચલણ ખતમ થઈ જશે. સાથે જ હવે કોઈ પ્રદેશમાં સંગઠિત અપરાધ વિરુદ્ધ વિશેષ કાયદો નહિ હોવા પર પણ ભારતીય ન્યાય સંહિતા અંતર્ગત માફિયા તત્ત્વો પર કાર્યવાહી કરી શકાશે.

ભીડ દ્વારા ઘૃણાને કારણે હત્યા કે મોબ લિંચિંગ વિરુદ્ધ પહેલી વાર સજાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, જે અંતર્ગત ઓછામાં ઓછી સાત વર્ષ જેલથી માંડીને મૃત્યુદંડ સુધીની સજા થઈ શકે છે. મોબ લિંચિંગની ઘટનાઓને લઈને મોદી સરકાર પર રાજકીય હુમલા થતા રહે છે, પરંતુ આ જ સરકાર આવા અપરાધ વિરુદ્ધ કડક કાયદો લઈને આવી રહી છે. મોદી સરકારે શાહીન બાગ, સીએએ વિરોધી દિલ્હી તોફાનો અને ૨૬ જાન્યુઆરીએ ખેડૂત આંદોલનના નામે ગણતંત્ર દિવસની પરેડ સમયે લાલ કિલ્લા પર ખાલિસ્તાન સમર્થકોના ઉપદ્રવને સહન કર્યા છે. આ કથિત આંદોલનો એવા સમયે થઈ રહ્યા હતા જ્યારે દેશ કોવિડ મહામારી સામે ઝઝૂમી રહ્યો હતો કે ચીન સાથે યુદ્ધના આરે ઊભો હતો. એવા ગંભીર સમયમાં પણ દિલ્હીને ઘેરીને રાખવામાં આવ્યું હતું અને તેના કેટલાય હિસ્સાનો સંપર્ક બાકી દેશથી કપાઈ ગયો હતો. શાહીન બાગધરણાં સમયે તો પૂર્વોત્તર ભારતને દેશથી કાપી નાખવાનું આહ્વાન પણ કરવામાં આવ્યું હતું. નવા કાયદામાં આવી દેશવિરોધી ગતિવિધિઓને પહોંચી વળવાની જોગવાઈ કરવામાં આવી છે, જે અંતર્ગત ઉશ્કેરણીજનક ભાષણો દ્વારા દેશની એકતા-અખંડતાને ખતરામાં મૂકવા માટે લોકોને ઉશ્કેરવા કે વિધ્વંસક ગતિવિધિઓ માટે ઉશ્કેરવા હવે દંડનીય અપરાધ ગણાશે, જે અંતર્ગત સાત વર્ષથી લઈને આજીવન કારાવાસની સજા થશે.

રાષ્ટ્રીય સુરક્ષાના પડકારો જોતાં આ તમામ પ્રશંસનીય પગલાં છે, પરંતુ કેટલાક અન્ય મામલે જોડાયેલી કેટલીક જોગવાઈઓ પર વધુ ગહન ચિંતાની જરૂર છે. જેમ કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૯૫નો ચોથો ઉપબંધ એવી કોઈ ખોટી કે ભ્રામક માહિતીના પ્રચાર-પ્રસારને દંડનીય બનાવે છે, જેનાથી દેશની એકતા-અખંડતાને ખતરો પેદા થાય. આ જોગવાઈની વર્તમાન ભાષા અનુસાર અપરાધિક દાનત હોવી જરૂરી નથી. ઉપરછલ્લી રીતે ફેકન્યૂઝનો સામનો કરવા માટે આ સારી જોગવાઈ લાગે છે, પંરતુ ઈન્ટરનેટ મીડિયાના આ દોરમાં આ પાસાનો રાજકીય પક્ષો દ્વારા દુરુપયોગ કરવાની આશંકા છે. હંમેશાં સરકારો કેટલીય ઘટનાઓને દબાવી દેવા માંગે છે અને તેની સાથે જોડાયેલા સમાચારોને નકલી ગણાવીને પોતાનું હિત સાધવા માંગે છે. એવામાં પ્રશ્ન એ છે કે ફેક ન્યૂઝ કયા છે અને કયા નહીં, તે કોણ નક્કી કરશે? પહેલાં માહિતી ટેકનોલોજી અધિનિયમની કલમ ૬૬-એનો આવી દુરુપયોગ જોવાઈ ચૂક્યો છે.

આ જ પ્રકારે કલમ ૧૯૪(૨)માં એવા કોઈપણ કૃત્યને દંડનીય માનવામાં આવ્યં છે, જેના દ્વારા સમૂહો, જાતિઓ અથવા સંપ્રદાયો વચ્ચે તણાવ પેદા થાય. ભારતમાં કેટલાય એવા મત-મજહબ છે જે કેટલીય કુરીતિઓ અને અંધવિશ્વાસોથી ભરેલા છે, પરંતુ તેમની ટીકાની સ્થિતિમાં તેઓ મારકાપ પર ઉતરી આવે છે. એવામાં તેમના સુધાર માટે કહેવામાં આવેલી કોઈ વાત કે ટીકા પણ અપરાધની શ્રેણીમાં આવશે, જે ભારતની સામાજિક ઉન્નતિ માટે યોગ્ય નથી. આ જ પ્રકારે નવા કાયદામાં પશુઓ સાથે અપ્રાકૃતિક સંબંધ બનાવાને દંડનીય બનાવતી કોઈ જોગવાઈ નથી, જ્યારે એવા સંબંધ ગંભીર સંક્રામક રોગોનું કારણ બની શકે છે.

એવા કેટલાક અપરાધ સાંપ્રદાયિક તત્ત્વો દ્વારા એ પશુઓ વિરુદ્ધ ખોટી દાનતથી પણ કરવામાં આવે છે, જેના પ્રત્યે બીજો સમુદાય આસ્થા ધરાવે છે. આ જોગવાઈઓ પર પુનર્વિચાર અને તેમને વધુ યુક્તિસંગત બનાવવી આપણા પાછલા સામાજિક અનુભવોને ધ્યાનમાં રાખતાં જરૂરી છે. તેનાથી આ ન્યાયિક સુધારા વધુ સાર્થક બનશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પ્રસન્નતા જીવનમાં સરળતા આપે છે.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૭ બુધ પૂજન, શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસીદાસ જયંતિ તા.૨૩ ઓગષ્ટ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૬, સ્વાતિ નાક્ષત્ર, બ્રહ્મ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૬

આજનો દિવસ સવારે ૮:૦૭ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), રાત્રે ૨:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આકસ્મીક ધન લાભ થાય. દિવસ આનંદમય વ્યતિત થાય.
વૃષભ : લાભની તક સાંપડે. નવિન કાર્યોમાં સફળતા મળે.
મિથુન : માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.
કર્ક : માનસિક આનંદ અનુભવાય. સ્નેહિજનોની મુલાકાત સફળ બને.
સિંહ : મનમાં ચંચળતા રહે. આર્થિક લાભની તક સાંપડે.
કન્યા : વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન સંબંધિત કાર્યમાં સફળતા મળે.
તુલા : નવિન પ્રગતિની તક સાંપડે. મનમાં પ્રફુલિતતા રહે.
વૃશ્ચિક આરોગ્ય બાબતે સંભાળવું. પ્રવાસ-પર્યટનમાં લાભ.
ધન : અગત્યના કાર્યો વિલંબમાં પડે. કાર્યબોજમાં વધારો થાય.
મકર : અકારણ ગુસ્સો રહે. આર્થિક સમસ્યા તીવ્ર બને.
કુંભ : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. જીવનસાથીથી સ્નેહ રહે.
મીન : આર્થિક સમસ્યા હળવી બને. શેર-સટ્ટાથી લાભ થાય.

### સરકારનો કર્મચારીઓના હિતમાં મોટો નિર્ણય

# ૧૧૭૯ કર્મચારીઓની આંતર જિલ્લા બદલીને મુખ્યમંત્રીની મંજૂરીની મહોર

## પંચાયત સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલી પ્રક્રિયા પ્રથમ વખત ઓનલાઈન-ફેસલેસ-પેપરલેસ અને પારદર્શક બની

ગાંધીનગર, તા.૨૩

આંતર જિલ્લા બદલીથી ખાલી પડનારી જગ્યાઓનું સંતુલન જાળવવા પંચાયત વિભાગનું સુદ્રઢ આયોજન કરાયું છે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં તલાટી કમ મંત્રીની ૩૪૩૭ - જુનિયર ક્લાર્કની ૧૧૮૧ અને ગ્રામસેવકની ૮૧ જગ્યાઓ ઉપર ફાઈનલલીસ્ટમાં સિલેક્ટ થયેલા ઉમેદવારોની નિમણુંક કરાશે. રાજ્યસરકારના પંચાયત સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ નાં ૧૧૭૯ કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીની કાર્યવાહીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરીની મહોર મારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં વહીવટમાં ટ્રાન્સપેરન્સી અને એફિશિયન્સીને વેગવંતી બનાવવાના વિઝન સાથે ઓનલાઈન, ફેસલેસ અને ટ્રાન્સપેરન્ટ એવી આ બદલી પ્રક્રિયાનો અભિગમ પંચાયત વિભાગે પ્રથમવાર અપનાવ્યો છે.

આવી આંતર જિલ્લાઓની બદલીઓ માટેની અરજીઓમાં જેમને અગ્રતા આપવામાં આવી છે તેમાં દિવ્યાંગ કર્મચારીઓને, પતિ-પત્નીની નોકરીના કિસ્સામાં પતિ અથવા પત્નીએ જે જિલ્લામાં આંતર જિલ્લા ફેરબદલીથી જવા માટે અરજી કરી હોય તે જ જિલ્લામાં તેમના પતિ અથવા પત્ની ફરજ બજાવતાં હોય તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત જે કર્મચારીને પોતાને અથવા તેના પરિવારમાં માતા-પિતા, પતિ-પત્ની, બાળકોને કેન્સર હોય, કિડની ડાયાલીસીસ કરાવવું પડતું હોય, છેલ્લાં બે વર્ષ દરમ્યાન ઓપન હાર્ટ સર્જરી વાલ્વની સર્જરી કરાવી હોય, થેલેસેમીયાની સારવાર ચાલતી હોય કે ક્ષય, રક્તપિત્ત, ચિલ્ડ્રન વીથ સ્પેશિયલ નીડ જેવી બાબતો ધરાવનારાં કર્મચારીઓને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ આંતર જિલ્લા ફેરબદલીનો લાભ તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, અને ગ્રામ સેવક સહિતની કૂલ ૨૨ જેટલા સંવર્ગની જગ્યાઓ માટે ૧૧૭૯ કર્મચારીઓને મળશે.

આવી આંતર જિલ્લા ફેરબદલીમાં યોગ્ય કર્મચારીઓને લાભ મળે તેમજ કોઈ ગેરરીતિને અવકાશ ન રહે તેવા કર્મયોગી હિતકારી અભિગમ સાથે પંચાયત વિભાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આવી આંતર જિલ્લા ફેરબદલીની સમગ્ર પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકોની સુવિધા-સુખાકારી સાથે સીધા સંકળાયેલા આ પંચાયત સેવાના કર્મયોગીઓની આંતર જિલ્લા બદલીઓને પરિણામે જિલ્લાઓમાં જગ્યાઓ ખાલી ન રહે, અસંતુલન ન થાય તેમજ જરૂરિયાત મુજબનું માનવ બળ મળી રહે તેવો એપ્રોચ રાખવા પણ પંચાયત વિભાગને પ્રેરિત કર્યો છે. પંચાયત વિભાગે મુખ્યમંત્રીના દિશા-નિર્દેશનોને પગલે ભરતીપ્રક્રિયા કેલેન્ડર વધુ સુગ્રથિત બનાવ્યું છે. આ કેલેન્ડર મુજબ તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા તલાટી કમ મંત્રી સંવર્ગની ૩૪૩૭ જગ્યાઓની સીધી ભરતી માટે ફાઈનલ લિસ્ટમાં પસંદગી પામેલા ઉમેદવારોની, જુનિયર ક્લાર્ક સંવર્ગની ૧૧૮૧ જગ્યાઓની સીધી ભરતી માટે ફાઈનલ લિસ્ટમાં પસંદગી પામેલા ઉમેદવારોની અને ૮૧ ગ્રામ સેવકોની ભરતી અંગેની જિલ્લા પસંદગી કાર્યવાહી સહિતની સમગ્ર કામગીરી પૂર્ણ કરી દેવાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરિણામે પંચાયત સંવર્ગમાં જરૂરી માનવ બળની ઉપલબ્ધિ વધુ સરળ અને સમયસરની બનશે એટલું જ નહીં, આંતર જિલ્લા ફેરબદલીની ઓનલાઈન પ્રક્રિયાને પરિણામે કર્મચારીઓને પોતાની પસંદગીના જિલ્લામાં કામ કરવાની તક મળવાથી કાર્યક્ષમતા અને કામની ગુણવત્તામાં પણ વૃદ્ધિ થશે.

## વ્હોટ્સએપ કોલિંગની મજા બમણી થઈ રહી છે, નવા અપડેટમાં કંઈક વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે

મુંબઈ તા.૨૩

વ્હોટ્સએપના વપરાશકર્તાઓ માટે એક શાનદાર અપડેટ આવ્યું છે. આ નવું અપડેટ યુઝર્સના કોલિંગ અનુભવને અત્યંત અદ્‌ભૂત બનાવે છે. આ અપડેટમાં કોલિંગ માટે એક નવું ઈન્ટરફેસ આપવામાં આવી રહ્યું છે, જે જૂથ કોલ્સનું સંચાલન કરવા સાથે તેની એકંદર ઉપયોગિતાને પણ ખૂબ અનુકૂળ બનાવે છે. WABetaInfo અનુસાર, આ અપડેટ એક નવું બટન લાવે છે જે ચાલુ કોલ્સ વચ્ચે સંપર્કો ઉમેરવાનું સરળ બનાવે છે. નવા કોલિંગ ઈન્ટરફેસમાં યુઝર્સને બોટમ મોડલ વ્યુ મળશે. તે કોલના પ્રકાર અને એન્ડ-ટુએન્ડ એન્ક્રિપ્શનને હાઈલાઈટ કરે છે. તેની સાથે કંપની શેડ્યુલિંગ ગ્રુપ કોલ ફીચરનું પણ ટેસ્ટિંગ કરી રહી છે. કંપનીએ નવા અપડેટને બીટા વર્ઝનમાં રોલઆઉટ કર્યું છે. જો તમે બીટા વપરાશકર્તા છો, તો તમે તમારા વર્તમાન વ્હોટ્સએપ વર્ઝનને



વર્ઝન નંબર ૨.૨૩.૧૭.૧૬ સાથે નવા ઈન્ટરફેસમાં અપડેટ કરી શકો છો. એવું માનવામાં આવે છે કે, કંપની ટૂંક સમયમાં વૈશ્વિક વપરાશકર્તાઓ માટે તેના સંસ્કરણને રોલઆઉટ કરશે.

## ભારતીય મૂળના એક ડોક્ટરે યુકેમાં ૭ બાળકોની હત્યાના દોષિત નર્સને પકડવામાં અને સજા કરાવવામાં મદદ કરી


(એજન્સી) તા.૨૩

ઉત્તર ઈંગ્લેન્ડની એક હોસ્પિટલમાં યુકેમાં જન્મેલા ભારતીય મૂળના કન્સલ્ટન્ટ બાળરોગ ચિકિત્સક એવા લોકોમાં સામેલ છે જેમણે તાજેતરમાં યુકેની અદાલત દ્વારા સાત બાળકોની હત્યા માટે દોષિત નર્સને દોષિત ઠેરવવામાં મદદ કરી હતી. ચેસ્ટરની ચેસ્ટર હોસ્પિટલના કાઉન્ટેસના ડૉ રવિ જયરામે જણાવ્યું હતું કે જો પૂર્વ નર્સ સાથીદાર લ્યુસી લેટબી વિશેની તેમની ચિંતાઓ ઉપર ધ્યાન આપવામાં આવ્યું હોત અને પોલીસ વહેલામાં વહેલી તકે એલર્ટ થઈ હોત તો તેમાંથી કેટલાકના જીવ બચાવી શકાયા હોત. ૩૩ વર્ષીય નર્સ લેટબીને સાત નવજાત બાળકોની હત્યા માટે દોષી ઠેરવવામાં આવી હતી અને માન્ચેસ્ટર ક્રાઉન કોર્ટમાં જ્યુરી દ્વારા અન્ય છ બાળકો સાથે સંબંધિત હત્યાના પ્રયાસના સાત ગુનાઓમાં પણ દોષિત છે. આ જ કોર્ટમાં તેણીને સજા સંભળાવવામાં આવશે. આ ચુકાદા પછી એક ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં ડૉ. જયરામે જણાવ્યું હતું કે, જૂન ૨૦૧૫માં ત્રણ બાળકોના મૃત્યુ પછી મે સૌપ્રથમ ચિંતા વ્યક્ત કરવાનું શરૂ કર્યું હતું. આખરે, એપ્રિલ ૨૦૧૭માં નેશનલ હેલ્થ સર્વિસ (NHS) ટ્રસ્ટે ડોકટરોને પોલીસ અધિકારીને મળવાની મંજૂરી આપી હતી. પોલીસ, ૧૦ મિનિટથી પણ ઓછા સમય સુધી અમારી વાત સાંભળ્યા પછી, તેઓને સમજાયું હતું. થોડા સમય પછી, એક તપાસ શરૂ કરવામાં આવી હતી અને લેટબીની ધરપકડ કરવામાં આવી હતી. યુકેની ક્રાઉન પ્રોસિક્યુશનસર્વિસ (CPS)એ કોર્ટને જણાવ્યું હતું કે લેટબીએ ૨૦૧૫ અને ૨૦૧૬ની વચ્ચે કાઉન્ટેસ ઓફ ચેસ્ટર હોસ્પિટલ ખાતે નવજાત શિશુઓના કુલ ૧૩ બાળકો ઉપર ગુપ્ત રીતે હુમલો કરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો. ગયા વર્ષે ઓક્ટોબરમાં શરૂ થયેલી તેણીની ટ્રાયલ દરમ્યાન માન્ચેસ્ટર ક્રાઉન કોર્ટે જોયું કે, હોસ્પિટલના ડોકટરોએ મૃત્યુ પામેલા બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધવાનું શરૂ કર્યું હતું. CPSએ બાળકો ઉપર હુમલો કરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને લેટબી વિરૂદ્ધ પુરાવા રજૂ કર્યા, જેમાં તેમના લોહીના પ્રવાહમાં હવા; દૂધ અથવા પ્રવાહીનો વધુ પડતો ડોઝ બળપૂર્વક ખવડાવવો અને ઈન્સ્યુલિનના ઈન્જેક્શનનો સમાવેશ થાય છે. તેણીનો ઈરાદો બાળકોને મારવાનો હતો. લેટબીની પહેલીવાર જુલાઈ ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ નવેમ્બર ૨૦૨૦માં આરોપ મૂકવામાં આવ્યો હતો. CPS મર્સી-ચેશાયરના મુખ્ય ક્રાઉન પ્રોસીક્યુટર જોનાથન સ્ટોરરે કહ્યું કે, આ ભયાનક કેસ છે. હું લેટબીના કઠોર ગુનાઓથી ગભરાઈ ગયો છું. કોર્ટમાં રજૂ કરાયેલા પુરાવામાં પોલીસ દ્વારા તપાસ દરમ્યાન ઘણી હસ્તલિખિત નોંધો મળી આવી હતી. સીપીએસ જ્યુરીને એ બતાવવામાં સક્ષમ હતું કે નવજાત એકમમાં મૃત્યુ અંગે લેટબીની એક સામાન્ય ભૂમિકા છે. આ કેસની તપાસ કરનાર ચેશાયર કોન્સ્ટેબલરીએ કહ્યું કે આ તેમના માટે સૌથી મુશ્કેલ કેસોમાંનો એક હતો. આ કેસની વિગતો ખરેખર કારમી છે. નાના બાળકોની સંભાળ અને રક્ષણ માટે જવાબદાર પ્રશિક્ષિત નર્સે તેના વિશ્વાસનો સૌથી અકલ્પ્ય રીતે દુરુપયોગ કર્યો છે.

## જેનેરિક દવાઓ નહીં લખનારા ડોક્ટરો સામે પગલાં લેવાની માંગ કરતી અરજી ઉપર સુપ્રીમની નોટિસ

નવી દિલ્હી, તા.૨૩

સર્વોચ્ચ અદાલતે જેનેરિક દવાઓ લખવામાં નિષ્ફળ રહેલા ડોકટરો સામે શિસ્તભંગના પગલાંની માંગ કરતી PIL ઉપર નોટિસ જારી કરી હતી. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની બનેલી બેન્ચે ડી.વાય. ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાએ આ મામલે કેન્દ્ર તમામ રાજ્ય સરકારો, એથિક્સ એન્ડ મેડિકલ રજિસ્ટ્રેશન બોર્ડ (અગાઉની મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા) અને અન્ય લોકો પાસેથી જવાબ માંગ્યો હતો. અરજદારના વકીલ એડવોકેટ કે.સી. જૈને ખંડપીઠને જાણ કરી હતી કે જેનરિક દવાઓ સૂચવવાના મહત્વ ઉપર ભાર મૂકતા નિયમો જેને ૨૦૦૨માં પાછા સૂચિત કરવામાં આવ્યા હતા તે વ્યવહારમાં મોટાભાગે અમલમાં મૂકાયા નથી. તેમણે કહ્યું કે ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ (વ્યવસાયિક આચાર, શિષ્ટાચાર અને નીતિશાસ્ત્ર) રેગ્યુલેશન્સ ૨૦૦૨ જે દવાઓને તેમના સામાન્ય નામો દ્વારા સૂચવવાના મહત્વને પ્રકાશિત કરે છે તે ફક્ત કાયદાકીય માળખામાં જ અસ્તિત્વ ધરાવે છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે દવાઓની પોષણક્ષમતા એ એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે જે અસરકારક આરોગ્યસંભાળ વિતરણ અને 'આરોગ્યના અધિકાર'ની અનુભૂતિમાં ફાળો આપે છે. અરજીમાં જણાવાયું કે, "જેનેરિક દવાઓ જે તેમના બ્રાન્ડેડ સમકક્ષો જેવા જ સક્રિય



ઘટકો ધરાવે છે પરંતુ ચોક્કસ બ્રાન્ડ નામ હેઠળ માર્કેટિંગ કરવામાં આવતી નથી તે ઘણી વખત નોંધપાત્ર રીતે સસ્તી હોય છે. જેનેરિક દવાઓ (ઓફ-પેટન્ટ)ની કિંમતો બ્રાન્ડેડ દવાઓ કરતાં ૫૦ ટકાથી ૯૦ ટકા ઓછી હોઈ શકે છે." અરજીમાં નેશનલ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટીને નોન-શિડ્યુલ્ડ ફોર્મ્યુલેશન્સ અને ઓફ- પેટન્ટ જેનરિક દવાઓની મહત્તમ છૂટક કિંમત (MRP) નક્કી કરવા માટે નિર્દેશોની માંગ કરી હતી. અરજીમાં કહેવાયું કે, "જેનેરિક દવાઓ સૂચવીને હેલ્થકેર પ્રોફેશનલ્સ દર્દીઓ ઉપરના નાણાકીય બોજને ઘટાડવામાં મદદ કરી શકે છે અને મહત્ત્વપૂર્ણ દવાઓ સુધી તેમની પહોંચને સરળ બનાવી શકે છે."

## કર્ણાટકમાં સિદ્ધારમૈયાએ અગાઉની ભાજપ સરકાર સામે ૪૦% કમિશનના આરોપની તપાસ માટે નિવૃત્ત હાઈકોર્ટ જજની નિમણૂંક કરી

બેંગ્લુરૂ, તા.૨૩

સિદ્ધારમૈયા સરકારે અગાઉની ભાજપ સરકાર સામે કર્ણાટક સ્ટેટ કોન્ટ્રાક્ટર એસોસિએશન દ્વારા કરાયેલા "૪૦ ટકા કમિશન"ના આરોપની તપાસ કરવા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ એચએન નાગમોહન દાસની નિમણૂક કરી છે. બસવરાજ બોમ્માઈ સરકાર સામેના "૪૦ ટકા સરકાર" આરોપ ૧૦ મેની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી માટે એક મુખ્ય ચૂંટણી મુદ્દો બની રહ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર એક સભ્યની સમિતિ જુલાઈ ૨૦૨૧થી એપ્રિલ ૨૦૨૨ વચ્ચે લખેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તત્કાલીન મુખ્ય પ્રધાન બોમાઈ અને તત્કાલીન વિપક્ષના નેતા સિદ્ધારમૈયાને લખેલા પત્રોમાં જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાક્ટરોના સંગઠન દ્વારા મૂકવામાં આવેલા આરોપોની તપાસ કરશે. એસોસિયેશનના પ્રમુખ ડી કેમ્પન્નાએ આક્ષેપ કર્યો હતો કે કોન્ટ્રાક્ટરોએ કુલ પ્રોજેક્ટ ખર્ચના ૪૦ટકા જેટલી લાંચ ચૂકવવી પડી હતી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે તંત્ર કામોનું મિશ્રણ કરીને બહારના કોન્ટ્રાક્ટરોની તરફેણ કરી રહ્યું છે. હવે જ્યારે અહેવાલ ૩૦ દિવસમાં રજૂ કરવાનો છે ત્યારે સમિતિ પાંચ મુખ્ય વિભાગોમાં હાથ ધરવામાં આવેલા કામોની તપાસ કરશે જાહેર બાંધકામ, જળ સંસાધન, શહેરી વિકાસ ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ અને નાની સિંચાઈ યોજનાઓનો સમાવેશ થાય છે. રસપ્રદ વાત એ છે કે, બ્રુહદ બેંગલુરૂ મહાનગરપાલીકા (બીબીએમપી) કોન્ટ્રાક્ટર્સ એસોસિએશને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર ઉપર આવો જ આરોપ લગાવ્યો હતો. એક પ્રેસ મીટમાં કોન્ટ્રાક્ટરોએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ૨૬ મહિનાથી રૂા. ૨,૭૦૦ કરોડના બિલ બાકી છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતને લખેલા પત્રમાં કોન્ટ્રાક્ટરોએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ સરકાર સત્તામાં આવ્યા બાદ તમામ બિલો રોકી દેવામાં આવ્યા હતા. ઘણા કોન્ટ્રાક્ટરોએ ફરિયાદ કરી હતી કે બીબીએમપી ચૂકવણી છોડવાનો ઈનકાર કરી રહ્યું છે અને બાકી રહેલા બિલોને ક્લિયર કરવા માટે DCM વતી ૧૦-૧૫ ટકા કમિશનની માંગ કરવામાં આવી રહી છે. બીબીએમપી કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનના પ્રમુખ કે.ટી. મંજુનાથે જોકે દાવા પર યુ-ટર્ન લીધો હતો. તેમણે કહ્યું કે, "અમે કોઈની સામે કોઈ આક્ષેપ કર્યો નથી. કેટલાક સભ્યો ભાવુક થઈ ગયા અને કેટલીક ટિપ્પણીઓ કરી. જ્યાં સુધી અમને અમારા બિલ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી અમે અમારી લડત ચાલુ રાખીશુંય" દરમિયાન શહેરી વિકાસવિભાગે અગાઉની ભાજપ સરકાર હેઠળ ૨૦૧૯-૨૦થી ૨૦૨૨-૨૩ વચ્ચે બીબીએમપીમાં કથિત ગેરરીતિઓની તપાસ કરવા માટે ચાર અલગ-અલગ સમિતિની રચના કરી છે. "જે કોન્ટ્રાક્ટરોએ કામ કર્યું છે તેમને ચૂકવણી કરવામાં આવશે. પરંતુ તે તપાસ પછી કરવામાં આવશે"

## કચ્છમાં છેલ્લા પાંચ દિવસમાં ડ્રગ્સના ૧૪૦થી વધુ પેકેટ મળવા અંગે હજુ પણ મુખ્ય સૂત્રધાર મામલે ખુલાસો નહીં

અમદાવાદ, તા.૨૩

પશ્ચિમ કચ્છમાં ૭૦ના દાયકામાં પાકિસ્તાન રૂટથી થઈ રહેલી દાણચોરીનો રૂટ હવે ડ્રગ્સ માટે ફરી શરૂ થયો હોય તેવુ લાગી રહ્યું છે. કારણ કે કચ્છના દરિયાકિનારે ડ્રગ્સના પેકેટ મળવાનો સિલસિલો રોકાવાનું નામ લઈ રહ્યો નથી. કચ્છમાં છેલ્લા ૫ દિવસમાં ૧૪૦થી વધુ ડ્રગ્સના પેકેટ મળી આવતાં એજન્સીઓ એલર્ટ ઉપર છે. કચ્છનો દરિયો જાણે ડ્રગ્સનો દરિયો બન્યો હોય તે રીતે સતત નશીલા પદાર્થો મળી રહ્યા છે. કચ્છમાં ૮ ઓગસ્ટે પણ મુન્દ્રા પોર્ટ પરથી DRIએ કન્ટેનરમાં લાકડાની આડમાં ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ કરીને ૧૦.૫૦ કરોડનું ૧.૪ કિલો કોકેઈન ઝડપી પાડ્યું હતું. તો અગાઉ પણ અનેક વખત ચરસના પેકેટ BSFના સર્ચ ઓપરેશન દરમ્યાન મળી આવ્યા હતા. ૧૪ ઓગસ્ટે જખૌ દરિયા કિનારાથી ૧૧ કિમી દૂર કુંડી બેટ ઉપરથી "ડાર્ક સુપ્રીમો બ્લેક કોફી"નું લખાણ લખેલા ચરસના ૧૦ પેકેટ મળી આવ્યા હતા. અગાઉ ૧૩ ઓગસ્ટે ખિદરત બેટ પાસેથી પીળા રંગની પ્લાસ્ટિકની બેગમાં પેક કરાયેલા કુલ ૧૦ ચરસના પેકેટ મળી આવ્યા હતા. આ તમામ પેકેટ ઉપર 'ઉડતા ગરૂડ'નું ચિત્ર જોવા મળ્યું હતું. આમ કચ્છના દરિયા કિનારેથી ચરસ અને નશીલા પદાર્થો બિન વારસી હાલતમાં મળી આવવાનો સિલસિલો યથાવત છે. કચ્છના પશ્ચિમ કિનારા ઉપર છાશવારે તણાઈને આવતા ડ્રગ્સના પેકેટ કચ્છમાં રિસિવ કોણ કરે છે અને ક્યાં જાય છે તેને લઈને એજન્સીઓને ખાસ મોટી સફળતા મળી નથી. ડ્રગ્સની હેરાફેરી કરનાર મિડલ મેન વિશે કોઈ માહિતી બહાર આવી રહી નથી કે ન તો ડ્રગ્સ મગાવનારા મોટા મગરો પકડમાં આવી રહ્યા છે. ત્યારે ઝડપાયેલા ડ્રગ્સના જથ્થા સામે ન પકડાયેલો જથ્થો કેટલો હશે તેનો ફક્ત અંદાજો જ લગાવી શકાય છે.

## રાજ્યમાં ૮ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદ ખાતે રાજયના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતિમાં 'ગુજરાત રાજ્ય સેવા સમિતિ'નો ૩૬મો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતએ 'ગુજરાત રાજ્ય સેવા સમિતિ'ના આદ્યસ્થાપક દિવંગત સુરેન્દ્રસિંહ રાજપૂતને શ્રધ્ધાંજલિ આપતા કહ્યું કે, તેમણે હંમેશા સરકાર અને જનતા વચ્ચે સેતુ બનવાનું કામ કર્યુંછે. તેઓ અનેક લોકોના સુખ-દુઃખના સાથી બન્યા છે. પ્રાકૃતિક ખેતી વિશે વાત કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી આજે આપણે ખાઈ પી રહ્યા છીએ તે શુદ્ધ નથી રહ્યું. યુરિયા ડીએપી કે જે ધરતીના ઓર્ગેનિક કાર્બનને ઘટાડવાનું કામ કરે છે તે નાખીને શાકભાજી-ફળફળાદી પકવી રહ્યા છીએ. રાસાયણિક ખાતર નાખીને ધરતીને ઝેરીલી બનાવી દીધી છે. આજે ભૂમિગત પાણી પણ સલામત રહ્યું નથી. જેનું પરિણામ આજે કેન્સરના રોગો, હદયના રોગો, કિડનીના રોગો વધી રહ્યા છે. તેમણે કહ્યું કે, વૈજ્ઞાનિક રિપોર્ટના આધારે ગ્લોબલ વોર્મિંગનું કારણ રાસાયણિક ખાતર પણ છે. રાજ્યપાલએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું આહ્વાન કરતા કહ્યું કે, આજે રાજ્યમાં ૮ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાઈ ચૂક્યા છે.

# દેશના તમામ બંદરો ઉપર સુરક્ષાને અપગ્રેડ કરવા ટૂંકમાં બ્યૂરો ઓફ પોર્ટ સિક્યુરિટીની સ્થાપના કરાશે



ગાંધીનગર, તા.૨૩

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે ૧૯મી મેરીટાઈમ સ્ટેટ્સ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. જેમાં બંદરો, શિપિંગ અને આયુષ વિભાગના મંત્રી સર્વાનંદ સોનોવાલે ભારતના દરિયાઈ ક્ષેત્રના એક વિઝનનું અનાવરણ કર્યું હતું. આ પરિવર્તનકારી અસરનું વચન આપતી મુખ્ય પહેલોની રૂપરેખા આપવા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં મંત્રી સોનોવાલે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં દેશના તમામ બંદરો ઉપર સુરક્ષાને અપગ્રેડ કરવા માટે બ્યુરો ઑફ બંદર સુરક્ષાને એકસાથે મૂકશે. તેમણે ટકાઉ વિકાસ અંગેના સરકારના કાર્ય ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના બંદરોમાં હાઈડ્રોજન હબ વિકસાવવા માટે મંત્રાલયની મહત્વાકાંક્ષી યોજના વિશે જણાવ્યું કે, "તમામ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના બંદરો હાઈડ્રોજન હબ બનાવવાની શક્યતાઓ શોધશે.

દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ આ સાહસ માટે રૂપિયા ૧.૯૮ લાખ કરોડના એમઓયુને આખરી ઓપ આપી દીધો છે. વધુમાં તેમણે બંદરો માટે અમૃત જલ વિઝન હેઠળ તેની બંદર ક્ષમતા ચાર ગણી કરવાની દેશની પ્રતિબદ્ધતા ઉપર ભાર મૂક્યો હતો. તમામ મોટા બંદરોએ ૨૦૪૭ માટે તેમના પોર્ટ માસ્ટર પ્લાન તૈયાર કર્યા છે અને રાજ્યો પણ ૨૦૪૭ માટે તેમના પોર્ટ માસ્ટર પ્લાન તૈયાર કરી રહ્યા છે." દેશની કુલ બંદર ક્ષમતા ૨,૬૦૦ MTPAથી વધીને ૨૦૪૭માં 10,000 MTPAથી વધુ થશે." તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્ય અને સૂચિત બંદરો, રાજ્ય મેરીટાઈમ બોર્ડ, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સંકલન વધારવા બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા આયોજિત કેવડિયા, ગુજરાત ખાતે બે દિવસીય ૧૯મી મેરીટાઈમ સ્ટેટ ડેવલપમેન્ટ ઉન્સિલની બેઠકમાં મંત્રી સોનોવાલે ઉમેર્યું કે, મેરીટાઈમ સ્ટેટ્સ ડેવલપમેન્ટ કાઉન્સિલ સહકારની નિર્ણાયક પદ્ધતિ તરીકે ઉભરી આવે છે. આપણા દેશના દરિયાઈ ક્ષેત્રના માર્ગને આકાર આપવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. મંત્રીએ ભારતના વધતા દરિયાઈ કદ અને આગામી ગ્લોબલ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ ૨૦૨૩નો પણ ઉલ્લેખ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ જાહેરાત કરી હતી કે, તમામ દરિયાઈ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો GMS ૨૦૨૩માં ભાગ લેશે, જે તેને દેશના સૌથી મોટા સમિટમાંનું એક બનાવશે. ગ્લોબલ મેરીટાઈમ ઈન્ડિયા સમિટ ૨૦૨૩ ભારતમંડપમ, નવી દિલ્હી ખાતે ૧૭મી-૧૯મી ઓક્ટોબર ૨૦૨૩ દરમ્યાન યોજાવાની છે. જે તકો શોધવા, પડકારોને સમજવા અને અંદર રોકાણને ઉત્તેજન આપવા માટે ઉદ્યોગના મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓને એકસાથે લાવવા માટે એક પ્રીમિયર મેરીટાઈમ સેક્ટર-કેન્દ્રિત ઈવેન્ટ છે, દરિયાઈ ક્ષેત્રના વિવિધ ક્ષેત્રોના પ્રદર્શકો અને રોકાણકારો સાથે ૧૦૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓ સમિટમાં ભાગ લે તેવી અપેક્ષા છે. આ ઉપરાંત, મંત્રીએ જણાવ્યું હતું કે દેશનું દરિયાઈ ક્ષેત્ર હાલમાં નોંધપાત્ર વૃદ્ધિ માટે તૈયાર છે, જેમાં રોકાણની તકો ૧૦ લાખ કરોડથી વધુ હોવાનું ઓળખવામાં આવ્યું છે. આ વધતી જતી નાણાકીય સંભાવના આર્થિક તેજી કરતાં વધુ છે; તે દેશના ૧૫ લાખથી વધુ યુવાનો માટે રોજગાર પેદા કરવાની તકનું પ્રતીક છે. તેમણે નોંધ્યું હતું કે છેલ્લાં આઠ વર્ષોમાં સાગરમાલા કાર્યક્રમની વ્યૂહાત્મક પહેલોએ બંદરની ક્ષમતા, કનેક્ટિવિટી અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે, ખર્ચમાં ઘટાડો કર્યો છે, જહાજના ટર્નઅરાઉન્ડનો સમય ટૂંકો કર્યો છે, સમિટને સંબોધતા કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપદ નાઈકે જણાવ્યું કે, "નવા યુગની તકનીકોને અપનાવવા ટકાઉ જીવન પ્રણાલીઓને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણીય સલામતીની ખાતરી કરવા ઉપર સતત ભાર મૂકવો જોઈએ. આ મુખ્ય પાસાઓને ખંતપૂર્વક સંબોધીને, અમે સામૂહિક રીતે અમારી દરિયાકાંઠાની વસ્તીની સર્વગ્રાહી સુધારણામાં યોગદાન આપી શકીએ છીએ." કેન્દ્રીય રાજ્ય મંત્રી શાંતનુ ઠાકુરે જણાવ્યું કે, "ભારતીય દરિયાઈ ક્ષેત્ર આપણા રાષ્ટ્રની અર્થવ્યવસ્થા, સુરક્ષા અને વ્યૂહાત્મક પ્રગતિના પાયાના પથ્થર તરીકે અપ્રતિમ મહત્વ વધારે છે. વધુમાં, અમારા વિસ્તરેલા દરિયાકિનારાને લીધે, આ ક્ષેત્ર દરિયાકાંઠાની આજીવિકાને ટેકો આપે છે અને ટકાઉ વિકાસને પોષે છે.

# એન્ટાર્કટિકામાં હિટલરનું બંકર મળી આવ્યું

## હિટલરે બર્લિનમાં બનેલા બંકરમાં ગોળી મારીને આત્મહત્યા કરી હતી, તે જ સમયે તેમના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી, બર્ફીલા ખડકો વચ્ચે સીક્રેટ બેસ હોવાનો દાવો!



નવી દિલ્હી, તા.૨૩

ગૂગલ મેપનો ઉપયોગ કરતા કેટલાક યુઝર્સે દાવો કર્યો છે કે તેમને એન્ટાર્કટિકામાં કહેવાતા નાઝી બંકર મળ્યા છે. તેમનો સૌથી મોટો દાવો એ છે કે નાઝી જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર બીજા યુદ્ધમાં બચી ગયા બાદ એન્ટાર્કટિકામાં બનેલા આ બંકરમાં રહેવા આવ્યો હતો. અહીં તેમણે તેમના જીવનનો લાંબો સમય પસાર કર્યો. આ દાવાથી લોકોને આશ્ચર્ય થયું છે. વાસ્તવમાં, બીજા વિશ્વ યુદ્ધ વિશે ઘણી પ્રકારની અફવાઓ છે. આમાં સૌથી મોટી અફવા એ છે કે નાઝી જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર જર્મનીથી ભાગી ગયો હતો. કેટલાક લોકો કહે છે કે તેણે મૃત્યુ સુધીનો સમય આર્જેન્ટિનામાં વિતાવ્યો હતો. જોકે, એ સાબિત થઈ ચૂક્યું છે કે હિટલરે બર્લિનમાં બનેલા બંકરમાં ગોળી મારીને આત્મહત્યા કરી હતી. તે જ સમયે તેમના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, એક ફેસબુક યુઝરે આ કહેવાતા નાઝી બંકરને શોધવાનું કામ કર્યું છે. તેણે તેની તસવીર પણ શેર કરી છે. યુઝરે ગૂગલ મેપ દ્વારા બંકર શોધી કાઢ્યું હતું. તસવીર જોઈને લાગે છે કે એન્ટાર્કટિકાના બર્ફીલા ખડકોમાં એક ચોરસ દરવાજો છે. જ્યારે આ તસવીર સામે આવી તો કેટલાક લોકોએ તેને સરકારનું સીક્રેટ બેસ ગણાવ્યું તો કેટલાકે તેને હિટલરનું બંકર પણ ગણાવ્યું. કેટલાક લોકોનું કહેવું છે કે નાઝી જર્મનીના અધિકારીઓએ એન્ટાર્કટિકામાં એક ગુપ્ત અડ્ડો બનાવ્યો હતો, જેથી તેઓ યુદ્ધથી બચી શકે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ૧૯૩૮માં નાઝી જર્મનીએ એન્ટાર્કટિકામાં એક મિશન મોકલ્યું હતું, જેનું કામ વ્હેલ માછલી દ્વારા તેલ કાઢવાનું હતું. લોકોનો દાવો છે કે તે જ સમયે આ બંકર તૈયાર કરવામાં આવ્યું હતું અને પછી યુદ્ધથી બચવા માટે હિટલર અહીં રહેવા લાગ્યો. આ તસવીરને લઈને હજુ સુધી કોઈ મોટી એજન્સીનું નિવેદન આવ્યું નથી. પરંતુ આ પહેલા પણ આવી તસવીરો શેર કરવામાં આવી છે, જે સંપૂર્ણપણે નકલી હોવાનું બહાર આવ્યું છે. આ ચિત્ર સાથે પણ એવું જ છે. તેનું સૌથી મોટું કારણ ખુદ હિટલરનું મૃત્યુ છે. લોકો કહે છે કે હિટલરે અહીં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો હતો. પરંતુ વાસ્તવિક સત્ય એ છે કે તેમનું મૃત્યુ ૧૯૪૫માં જ થયું હતું. તેના દાંતના નમૂના દ્વારા મૃત્યુની પુષ્ટિ થઈ હતી.

હિટલર બર્લિનમાં બનેલા બંકરમાં છુપાયેલો હતો. ૩૦ એપ્રિલે તેણે પહેલા સાઈનાઈડ કેપ્સ્યુલ ખાધી અને પછી ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. જર્મન અધિકારીઓએ પણ બંકરમાંથી હિટલરનો મૃતદેહ મેળવ્યો હતો. જો કે, આ હકીકતમાં ચોક્કસપણે સત્ય છે કે ઘણા નાઝી અધિકારીઓ પોતાનો જીવ બચાવીને આર્જેન્ટિના જેવા દૂરના દેશોમાં ગયા હતા. આ કારણોસર, હિટલરના અસ્તિત્વની અફવાઓ ઉડતી રહે છે.

# વાંચ્યા વગર આપી બોર્ડની પરીક્ષા, જવાબને બદલે પૈસાથી ભરી આન્સરશીટ




નવી દિલ્હી, તા.૨૩

જ્યારે વ્યક્તિનું કામ સરળતાથી થતું નથી ત્યારે તે લાંચ આપીને તેને સરળતાથી કરાવવાના પ્રયાસો કરવામાં આવે છે. ભારતમાં ઘણા કામો લાંચ લઈને પણ કરવામાં આવે છે. આ કારણથી લોકો લાંચ આપવામાં પણ અચકાતા નથી. પુખ્ત વયના અને બાળકો પણ જાણે છે કે, ભારતમાં લાંચ આપીને ઘણી વસ્તુઓ કરી શકાય છે. આ કારણોસર જ તેઓ લાંચ લેનારાઓને પૈસા આપવાનું શરૂ કરે છે. એક IPS અધિકારીએ સોશિયલ મીડિયા પર આવી તસવીર શેર કરી છે, જે ભારતમાં લાંચની પ્રથાનો પર્દાફાશ કરતી દેખાઈ રહી છે. બોર્ડની પરીક્ષાનો ડર ઘણા બાળકોમાં જોવા મળે છે. આ પરીક્ષાઓના પરિણામના આધારે બાળકોને આગળ પ્રવેશ મળે છે. જોકે, બાળકોની કારકિર્દીમાં આ પરીક્ષાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ ઘણી વખત લોકોને એવું લાગે છે કે, ભારતમાં મોટા ભાગના કામ લાંચ દ્વારા જ કરવામાં આવતા હોય છે, તો બોર્ડની પરીક્ષામાં પણ તેના દ્વારા સફળતા મેળવી શકાય છે. જેથી એક IPS અધિકારીએ સોશિયલ મીડિયા પર આવી એક તસવીર શેર કરી છે, જેમાં બાળકે બોર્ડની પરીક્ષાની આન્સરશીટ જવાબના બદલે પૈસાથી ભરી દીધી છે. આ ફોટો સોશિયલ મીડિયા સાઈટ ટ્વિટર પર શેર કરવામાં આવ્યો હતો, જે હવે ઠ તરીકે ઓળખાય છે. તમને જણાવી દઈએ કે, IPS અધિકારી અરુણ બોથરાએ આ વાત શેર કરી છે. જેમાં જવાબ પત્રકની અંદર નોટો નાખવામાં આવી હતી. તેમાં ૧૦૦ અને ૨૦૦ની નોટો ભરેલી હતી. સાથે જ લખવામાં આવ્યું હતું કે, આટલા પૈસા માટે તેને પાસિંગ માર્કસ આપવામાં આવે. તેની તસવીર ક્લિક કરીને શિક્ષકે તેને IPS અધિકારીને મોકલી હતી, જેણે તેને સોશિયલ મીડિયા પર શેર કરી. ભારતની શૈક્ષણિક વ્યવસ્થા આ એક ચિત્ર દ્વારા સમજી શકાય છે. અધિકારીએ તેને શેર કરતાની સાથે જ તે વાયરલ થઈ ગયો. એક વ્યક્તિએ લખ્યું કે, બાળપણથી જ પૈસાથી દરેક વસ્તુ ખરીદવાની માનસિકતા વિકસે છે. જ્યારે એકે લખ્યું કે આ છે આપણી શૈક્ષણિક વ્યવસ્થા. આમાં બાળકોનું ભવિષ્ય જોવા મળે છે. જોકે, ઘણાએ બાળકની મજાક ઉડાવી હતી. તેણે લખ્યું કે પાંચસોમાં પાસ થવાની ધારણા હતી. ૧૦૦ કે ૨૦૦માં કોણ પાસ થઈ શકે?

# હિમાચલમાં વગર વરસાદે સાત મકાન ધરાશાયી થયા



શિમલા, તા.૨૩

હિમાચલમાં પૂર અને ભૂસ્ખલનથી લોકોની પરેશાની ઓછી થઈ રહી નથી. કાંગડા જિલ્લાના જવાલી વિધાનસભા ક્ષેત્રના કોટલામાં વધુ ૧૪ મકાનો ખાલી કરાવામાં આવ્યા હતા. ભૂસ્ખલનને કારણેઆ મકાનો જોખમ ભરી સ્થિતિમાં જણાઈ રહ્યા હતા. જોકે અહીં રવિવારે વગર વરસાદે આ સાત મકાનો ધરાશાયી થઈ ગયા હતા, જેના કારણે આસપાસના મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતા. બીજી બાજુ કોલ ડેમ રિઝર્વાયરમાં અચાનક પાણીનું સ્તર વધતાં લાગતાં બોટમાં મુસાફરી કરી રહેલા ૧૦ લોકો ફસાઈ ગયા હતા. ફસાયેલા લોકોમાં પાંચ વન અધિકારીઓ પણ છે અને પાંચ સ્થાનિક લોકો છે. એનડીઆરએફ અને સ્થાનિક વહીવટી અધિકારીઓની ટીમે આ દરમિયાન ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી શરૂ કરી હતી. બીજી તરફ, મંડી-કુલ્લુ એનએચપર પંડોહ નજીક રોડ તૂટી જતાં ચાર દિવસથી ફસાયેલા ૫૦૦ વાહનોને ડેમની નજીક બનાવાયેલા નવા રોડ પરથી બહાર કાઢવામાં આવ્યા હતા. છેલ્લા ચાર દિવસથી અહીં બે હજાર જેટલા વાહનો અટવાઈ પડ્યા છે.હિમાચલમાં પૂર-ભૂસ્ખલનથી લોકો પરેશાનજવાલી વિધાનસભા ક્ષેત્રના કોટલામાં વધુ ૧૪ મકાનો ખાલી કરાવાયા, આ મકાનો જોખમ ભરી સ્થિતિમાં જણાઈ રહ્યા હતા હાલ આ માર્ગ પરથી માત્ર હળવા અને ખાલી વાહનોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. સામાનથી ભરેલા મોટા વાહનોને પંડોહથી બજૌરા પરત મોકલવામાં આવ્યા હતા. આ વાહનોને શનિવારે સાંજે કાંડી કટૌલા થઈને મંડી મોકલવામાં આવ્યા હતા. દહર સબ-ડિવિઝનમાં અલસો ખાતે આવેલું મત્સ્ય બીજ કેન્દ્ર વરસાદને કારણે ભૂસ્ખલનની લપેટમાં આવી ગયું હતું. જેના કારણેફિશરીઝ સેન્ટરના સ્ટાફ રૂમ, ઓફિસ અને ટાંકીમાં કાટમાળ ઘુસી ગયો છે. તેની બાજુમાં આવેલા છ મકાનોને પણ ભૂસ્ખલનનો ભય ઉભો થયો છે. હવામાન વિભાગે રાજ્યભરમાં બે દિવસ માટે વાવાઝોડા અને વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ઘણી જગ્યાએ ભારે વરસાદને કારણે પૂરની સંભાવના છે. રવિવારે મોટાભાગના સ્થળોએ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલાક સ્થળોએ હળવો વરસાદ થયો હતો. રાજ્યમાં પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાના કારણે અત્યાર સુધીમાં રૂ. ૮૦૧૪.૬૧ કરોડના નુકસાનનું આકલન કરવામાં આવ્યું છે.

### એનસીપીના નેતા દિલીપ પાટીલનું વિવાદાસ્પદ નિવેદન

# શરદ પવાર પોતાના જોરે ક્યારેય સરકાર બનાવી શક્યા નથી



મુંબઈ, તા.૨૩

ક્યારેક શરદ પવારના નજીકના રહેવા દિલીપ વલસે પાટિલે તેમના એક નિવેદનમાં કંઈક એવું કહ્યું કે જેનાથી શરદ પવારના સમર્થકો નારાજ થઈ શકે છે. ખરેખર દિલીપ વલસે પાટિલે શરદ પવારના રાજકીય કદ સામે સવાલો ઊઠાવ્યા હતા અને કટાક્ષ કરતાં કહ્યું કે શરદ પવાર ક્યારેય પોતાના જોરે રાજ્યમાં સરકાર બનાવી શક્યા નથી. પાટિલે એમ પણ કહ્યું કે રાજ્યના રાજકારણમાં ટૂંક સમયમાં ભૂકંપ આવશે. અહેવાલ અનુસાર પૂણે જિલ્લામાં પોતાના મતવિસ્તાર અંબેગામના માચરમાં આયોજિત એક કાર્યક્રમમાં પાટિલે કહ્યું કે અમને હંમેશા એવું કહેવાતું હતું કે પવાર સાહેબ દેશના સૌથી મોટા નેતા છે પણ બીજી બાજુ તેમના નેતૃત્વમાં પાર્ટીએ ક્યારેય મહારાષ્ટ્રમાં પોતાના જોરે સત્તા નથી મેળવી. અનેક રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોએ પોતાના જોરે સરકાર રચી છે જેમાં માયાવતી અને મમતાની પાર્ટી પણ સામેલ છે. વલસેએ કહ્યું કે જ્યારે બીજી બાજુ એક મોટા નેતા હોવા છતાં અમે વિધાનસભામાં ફક્ત ૬૦-૭૦ સીટો જ જીતી શક્યા! અજિત જીતનો ભાજપમાં વિલય થયો નથી. એનસીપી જ અમારી પાર્ટી છે પાર્ટીના ચૂંટણી ચિહ્ન અંગે ચૂંટણી પંચ જ્યારે નિર્ણય કરશે ત્યારે રાજકારણમાં ભૂકંપ આવી જશે : પાટીલ અને પાર્ટીના ચૂંટણી ચિહ્ન અંગે ચૂંટણી પંચ જ્યારે નિર્ણય કરશે ત્યારે રાજકારણમાં ભૂકંપ આવી જશે. ઉલ્લેખનીય છે કે દિલીપ વલસે પાટિલ એનસીપીના એ નવ ધારાસભ્યોમાં સામેલ છે જે અજિત પવારના નેતૃત્વમાં રાજ્યની શિવસેના ભાજપ સરકારમાં જોડાઈ ગયા હતા.

# ગીતાના જ્ઞાન પ્રસાર માટે કાનપુર યુનિ.માં ગીતા ચેરની સ્થાપના કરાશે




કાનપુર, તા.૨૩

કાનપુર યુનિવર્સિટી ગીતાના જ્ઞાનને દેશમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાવવા માટે આગળ આવી છે. જે અંતર્ગત કાનપુર યુનિવર્સિટી કેમ્પસમાં ગીતા ચેરની સ્થાપના કરવામાં આવશે. જેથી કરીને લોકો ગીતાના જ્ઞાન વિશે વધુને વધુ જાણી શકે અને સંશોધકો ગીતાના અધ્યાય, શ્લોક અને તેના જ્ઞાન પર સંશોધન કરી શકશે. એટલું જ નહીં આ ગીતા ચેર દ્વારા વિદ્યાર્થીઓને ગીતા વિષય પર પીએચડી કરવાની તક પણ મળશે. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર વિનય પાઠકે જણાવ્યું કે કાનપુર યુનિવર્સિટી અને શ્રીમદ ભગવદ્ ગીતા ઓર્ગેનાઈઝિંગ કમિટીની મદદથી કાનપુર યુનિવર્સિટીમાં ૧૫ દિવસમાં ગીતા ચેરની સ્થાપના કરવામાં આવશે. જેનાથી આજના સમયના લોકો અને યુવાનો ગીતા વિશે વધુ માહિતી મેળવી શકશે. આનાથી ગીતાનો પ્રચાર તો થશે જ, પરંતુ સંશોધકો પણ ગીતા પર સંશોધન કરી શકશે. કાનપુર યૂનિવર્સિટી આ પહેલા પણ ગીતાને લોકો સુધી પહોંચાડવા માટે ઘણા કાર્યક્રમો કરી ચૂકી છે. કાનપુર યુનિવર્સિટી ગીતા જયંતિને લઈને પણ ઘણા કાર્યક્રમોનું આયોજન કરી રહી છે.

આ અંતર્ગત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જેવી રીતે ગીતાના ૧૮ અધ્યાય છે તેવી જ રીતે ૧૮ કોલેજોને પણ ૧૮ અધ્યાયો પર અલગ-અલગ સ્પર્ધાઓ યોજવા માટે કહેવામાં આવ્યું છે.

# ‘અમૃત ભારત યોજના’ હેઠળ દેશના ૧૩૦૦ રેલ્વેસ્ટેશનોનું આધુનિકીકરણ, રેલ્વે મંત્રીની જાહેરાત



નવીદિલ્હી,તા.૨૩

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે સોમવારે જણાવ્યું હતું કે ‘અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ મધ્યપ્રદેશના ગ્વાલિયર સહિત દેશના ૧,૩૦૦ રેલવે સ્ટેશનોને પુનઃવિકાસ અને આધુનિક બનાવવામાં આવી રહ્યા છે. તેઓ ગ્વાલિયર સ્ટેશન પર નિર્માણ કાર્યની સમીક્ષા કર્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

રેલ્વે મંત્રીએ કહ્યું કે કુલ ૧,૩૦૦ રેલ્વે સ્ટેશનનું પુનઃવિકાસ અને આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે અને આ અંતર્ગત ગ્વાલિયર સ્ટેશન પર ૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. ‘નેરોગેજ’ લાઈનને ‘બ્રોડગેજ’માં ફેરવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે રેલવે સુરક્ષા કમિશનર (CRS) ટૂંક સમયમાં ગ્વાલિયર અને સુમાવલી ??વચ્ચેના ‘બ્રોડગેજ’ કામનું નિરીક્ષણ કરશે.આ સાથે ગ્વાલિયર સ્ટેશન પર ત્યાંના સમૃદ્ધ વારસાને ધ્યાનમાં રાખીને કામ કરવામાં આવ્યું છે. વૈષ્ણવે કહ્યું કે રેલવે સ્ટેશન પર વધુ બે પ્લેટફોર્મ બનાવવામાં આવશે. તે સુંદર ડિઝાઈન અને આધુનિક સુવિધાઓથી સજ્જ હશે.મંત્રીએ કહ્યું કે જૂના રેલવે સ્ટેશનોના વારસાને પુનઃવિકાસ અને આધુનિકીકરણ દરમિયાન સાચવવામાં આવશે. ગ્વાલિયર, ૨૧ ઓગસ્ટ રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે જણાવ્યું હતું કે ‘અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ મધ્યપ્રદેશના ગ્વાલિયર સહિત દેશના ૧,૩૦૦ રેલ્વે સ્ટેશનોનું પુનઃવિકાસ અને આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.તેઓ ગ્વાલિયર સ્ટેશન પર નિર્માણ કાર્યની સમીક્ષા કર્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. કુલ ૧,૩૦૦ રેલ્વે સ્ટેશનનું પુનઃવિકાસ અને આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે અને આ અંતર્ગત ગ્વાલિયર સ્ટેશન પર ૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. રેલવે મંત્રીએ કહ્યું કે, નેરોગેજ લાઈનને બ્રોડગેજમાં બદલવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.તેમણે કહ્યું કે રેલવે સુરક્ષા કમિશન (CRS) ટૂંક સમયમાં ગ્વાલિયર અને સુમાવલી વચ્ચેના બ્રોડગેજિંગ કામનું નિરીક્ષણ કરશે.રેલવે સ્ટેશન પર વધુ બે પ્લેટફોર્મ ઉમેરવામાં આવશે. તે સુંદર ડિઝાઈન અને આધુનિક સુવિધાઓ સાથે આવશે, વૈષ્ણવે જણાવ્યું હતું. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે રેલવેમાં આધુનિકરણને લઈને મોટી વાત કહી હતી કે ‘અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ મધ્યપ્રદેશના ગ્વાલિયર સહિત ૧,૩૦૦ રેલ્વે સ્ટેશનોને પુનઃવિકાસ અને આધુનિક બનાવવામાં આવી રહ્યા છે. જેનાથી લોકોને ઘણો ફાયદો થશે.જેમાં તેઓ ગ્વાલિયર સ્ટેશન પર નિર્માણ કાર્યની સમીક્ષા કર્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

## મચ્છરજન્ય, પાણીજન્ય કેસમાં વધારો

# જૂનાગઢ જીલ્લામાં ડેન્ગ્યુ અને મલેરિયાએ કાળો કહેર વર્તાવ્યો







જૂનાગઢ તા.૨૩

તાજેતરમાં જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતમાં ભારે વરસાદ પડયો હતો. આ વરસાદ બાદ અનેક બિમારીનો લોકો ભોગ બની રહયા છે. આંખની બિમારીથી અનેક લોકો સપડાયા હતાં. ત્યારબાદ હવે ડેંન્ગ્યુ અને મેલેરીયાના રોગનો લોકો સામનો કરી રહયાછે.

દર વર્ષે ચોમાસાની સીઝન દરમ્યાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો માથું ઉચકતો હોય છે. ત્યારે હાલ જૂનાગઢ જીલ્લા સહિત ગુજરાતના કેટલાક શહેરોમાં રોગચાળાએ બરોબરનો ભરડો લીધો છે. જેને લઈને ઘરે ઘરે માંદગીના ખાટલા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભારે વરસાદ બાદ ભરાયેલા પાણીને લઈને મચ્છરનો ઉપદ્રવ વધતાં મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. બીજી બાજુ ચોમાસાની ઋતુને લઈને પાણીજન્ય રોગચાળાએ પણ હાલ જૂનાગઢ જીલ્લામાં કાળો કહેર વર્તાવ્યો છે. ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. ડેન્ગ્યુ અને મલેરિયાનો કાળો કહેર વર્તાયો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય કેસમાં વધારો નોંધાયો છે. ચાલુ મહિના ઓગસ્ટની વાત કરવામાં આવે તો અમદાવાદમાં ડેન્ગ્યુના ૪૦૭ કેસ નોંધાયા છે. તેમજ સાદા મલેરિયાના ૧૧૧ કેસ નોંધાયા જ્યારે ઝેરી મલેરિયાના ૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટ મહિનામાં ચિકનગુનિયાના ૯ કેસ નોંધાયા તેમજ ઝાડા-ઉલ્ટીના ૬૧૯ કેસ, ટાઈફોઈડના ૪૬૭ કેસ નોંધાયા છે. ઓગસ્ટમાં કમળાના ૧૧૪, કોલેરાના ૨૦ કેસ નોંધાયા છે. કેસ વધતા અમદાવાદમાં આરોગ્ય તંત્ર પણ સફાળું જાગ્યું છે અને મનપા દ્વારા મચ્છરોની બ્રિડિંગ સાઈટને લઈને ચેકિંગ હાથ ધરાયુ હતું. બાંધકામ સાઈટ, શાળા, હોસ્પિટલો સહિતના સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જૂનાગઢ સહિત ગુજરાતમાં હાલ ડેંગ્યુના કેસમાં વધારો જોવા મળી રહયો છે. જૂનાગઢ શહેરમાં જ ડેંગ્યુના કેસમાં ભારે વધારો જોવા મળતા લોકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

### માત્ર ૮ જ કલાકમાં ઉત્તમ સંતતિના નિર્માણનું રહસ્યો સમજો

# જામકા ખાતે ૨૬ને શનિવારના રોજ ગર્ભ સંસ્કાર વિજ્ઞાન તજજ્ઞો પ્રશિક્ષણ આપશે

**ડો. કરીશ્માબેન નરવાણી, ડો. ધવલ સંઘવી સહિતના તજજ્ઞો આપશે જ્ઞાન : નામાંકીત લેખક આશુ પટેલ, મેજર કેતન મહેતા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે**

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૩

જૂનાગઢથી માત્ર ૨૦ કિમીના અંતરે આવેલું એક એવું ગામ જે કે જે વિશ્વના લોકો માટે માનવ જીંદગીની દિશા બદલવાની પ્રેરણા આપી રહયું છે ત્યાં આગામી તા. ૨૬-૮-૨૩ શનિવારના રોજ એક હજાર બહેનો માટે ગર્ભ સંસ્કાર અને ઉત્તમ સંતતિના નિર્માણ માટે ભારતની પરંપરાગત સમાજ ઉપર પ્રશિક્ષણ આપવામાં આવશે. જેમાં દેશમાં ગર્ભસંસ્કાર અને તેના પરીણામો ઉપર વર્ષોથી દેશ અને વિદેશમાં સમજ આપી ચુકેલા ડો. કરીશ્માબેન નારવાણી, ડો. ધવલ સંઘવી સહિતના તજજ્ઞો દ્વારા પોતાના પરીવારને આગળ વધારવા તત્પર એવા દંપતિઓને ગર્ભ સંસ્કારનું વિજ્ઞાન, તેની અસર અને ઉત્તમ સંતતિના નિર્માણ માટે કેમ અને કેવા પરીણામ લાવી શકાય તે અંગેની સમજ આપવામાં આવશે. તો આ એક દિવસની શિબિરમાં એવા દંપતિઓને ખાસ ઉપસ્થિત રહેવું જોઈએ જે બાળકના આગમન માટે તત્પર છે અને પોતાનુ સંતાન તંદુરસ્ત, ચપળ અને સંસ્કારી હોય આ દિશામાં આગળ વધવા માટે અહીં તમામ સમજ આપવામાં આવશે જે આપણા વારસામાં પડેલી છે. જામકા ગીરને વિશ્વના નકશામાં મુકી દેનારા માત્ર ખેડૂત નહિ પરંતુ હરતી ફરતી યુનિવર્સીટી જેને કહી શકાય તેવા પરસોતમભાઈ સીદપરા દ્વારા પોતાની પૌત્રી આકૃતિના પ્રથમ જન્મ દિવસે આ એક દિવસની શિબિરનુ આયોજન કરાયુ છે જેમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ મો. નં. ૯૯૨૫૫ ૭૨૧૧૧, ૯૮૯૮૭ ૧૪૫૧૪ ઉપર રજીસ્ટ્રેશન કરાવી લેવું.

# જૂનાગઢ જીલ્લામાં સપ્ટેમ્બરથી અનાજ વિતરણ વ્યવસ્થા ખોરવાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ સહિત રાજયભરમાં રેશન ડિલરોના પડતર પ્રશ્નો અંગે જૂનાગઢ જીલ્લા ફેર પ્રાઈસ શોપ દ્વારા રાજય સરકારને અનેકવાર લેખીત તેમજ મૌખિક રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા આગામી તા. ૧ સપ્ટેમ્બરથી એસોસીએશન દ્વારા લડતના ભાગરૂપે રાજયના કોઈપણ રેશન ડિલરો સપ્ટેમ્બર માસમાં કાર્ડ ધારકોના વિતરણ માટે માલનો જથ્થો ન ઉપાડવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં જૂનાગઢ જીલ્લા ફેરપ્રાઈઝ શોપ એસોસીએશન દ્વારા જૂનાગઢ ખાતે રેશનશોપ ડિલરોની મળેલી બેઠકમાં સર્વાનુમતે નકકી થયા મુજબ આગામી સપ્ટેમ્બરનો જથ્થો ગુજરાતના કોઈપણ રેશન ડિલર દુકાને કાર્ડ ગ્રાહકોને વિતરણ માટે જથ્થો ઉપાડશે નહીં. હાલ જયારે સાતમ-આઠમ સહિતના તહેવારોની મૌસમ આવી રહી છે ત્યારે જ સસ્તા અનાજની દુકાનેથી માલ નહી મળવાથી લોકોમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.


**દક્ષિણ ભારત બૈઠક યાત્રા**

દિપાવલી સ્પેશ્યલ
તિરૂપતિ (બૈઠકજી),
વિષ્ણુકાંચી બૈઠકજી,
શ્રી રંગમ બૈઠકજી, કોડાઈ
કોનાલ (હિલ સ્ટેશન),
રામેશ્વર (બૈઠકજી અને
જયોર્તિલીંગ દર્શન),
વરકલા બૈઠકજી
: કોન્ટેક :
**સુરેશભાઈ મજીઠીયા**
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમપર્લ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


## માણાવદરમાં આશાસ્પદ નવયુવાનનું હાર્ટ એટેકથી અવસાન થતા સમગ્ર શહેરમાં અરેરાટી



(ગીરીશ પટેલ દ્વારા)
માણાવદર તા.૨૩

માણાવદર શહેરમાં ગત તા.૨૧ના રોજ આશાસ્પદ બાવાજી નવયુવાનના મૃત્યુમાં હાર્ટ એટેક આવતા આંખના પલકારામાં મૃત્યુ થતાં સમગ્ર શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી અનેક શહેરમાં નાના બાળકો તથા યુવાનોમાં હાર્ટ એટેકથી મૃત્યુના બનાવો બની રહયા છે.

તેવો જ શહેરમાં એક આશાસ્પદ બાવાજી યુવાન કેવલ (કરણ) શશીકાન્તભાઈ નિમાવત (ઉ.વ.૨૬)નું તા.૨૧-૮ના રોજ હાર્ટ એટેકના કારણે સ્થળ ઉપર ઢળી પડયો હતો. જેમાં પ્રાપ્ત વિગતો અનુસાર કેવલ (કરણ) સોમવાર શ્રાવણ મહિનાનો પ્રથમ હોય, મહાદેવીય મંદિર ખાતે મેળો ભરાય છે ત્યાં પાણીનો ધંધો કરતા હોય ત્યાં સ્ટોલ ચાલુ કરીર રહયા હતા સાથે પિતા પણ હતા. કરણ વસ્તુઓ ગોઠવી રહયા હતા કોઈ વસ્તુ નીચે લેવા વળ્યા ત્યાં જ પિતાની નજર સામે ઢળી પડતા પિતા અને આજુબાજુવાળાઓની મદદથી પીએચસી ખાતે લઈ જવા આવેલ જયાં તેઓનું મોત નિપજેલ. કરણ (કેવલ)ના અચાનક હાર્ટ એટેકથી મોત નિપજતા પરિવારજનો ઉપર આભ ફાટયું હતું. પરિવારજનોના આક્રંદથી નગરજનોના હૃદય હચમચાવી નાંખ્યું છે લોકો અવાચક બન્યા છે.

## એસટીના તમામ બસ સ્ટેશનોમાં સફાઈ યોજાઈ

(પ્રતિનિધી દ્વારા)
જૂનાગઢ તા.૨૩

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક એમ.એ.ગાંધીની સુચના અન્વયે જૂનાગઢ વીભાગીય નિયામક આર.પી.શ્રીમાળીના માર્ગદર્શન મુજબ જૂનાગઢ વિભાગના તમામ બસ સ્ટેશનો તેમજ તેના તમામ કન્ટ્રોલ પોઈન્ટ ઉપર સાફ સફાઈની કામગીરી માટે નિયુકત એજન્સી પાસે સ્થાનિક ડેપો મેનેજર અને ટ્રાફીક સુપરવાઈઝર દ્વારા તા.૧૩-૮-૨૩થી તમામ બસ સ્ટેશનની પ્રિમાઈસીસ, પ્લેટફોર્મ એરીયા, વેઈટીંગ હોલ, ડ્રાઈવર-કન્ડકટર રેસ્ટરૂમ, મુસાફર શૌચાલય, દિવ્યાંગ ટોઈલેટ બ્લોક તેમજ પીવાના પાણીના પરબ વગેરે સ્થળો ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહેલ છે. વધુમાં મુસાફર જનતાને આ તકે અપીલ કરવામાં આવે છે કે બસ સ્ટેશન ખાતે કચરો કચરા પેટીમાં નાંખવાનો આગ્રહ રાખે તેમજ થુંકવા માટે થુંકદાનીનો જ ઉપયોગ કરે અને સદર સફાઈ અભિયાનમાં પુરતો સહયોગ આપે તેવી જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

## શ્રી સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જિલ્લા પ્રમુખની વરણી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૩ : સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના અને ટ્રસ્ટ અંતર્ગત નવા પ્રમુખની વરણી તા. ૩-૯-૨૦૨૩ને રવિવારના સાંજે ૪ થી ૬ રોજ તક્ષશિલા બ્રહ્મ કન્યા છાત્રાલય, બીલખા રોડ, જૂનાગઢ મુકામે કરવાની હોય ટ્રસ્ટી હસુભાઈ જોષી તેમજ જિલા પ્રમુખ કે.ડી. પંડ્યાના માર્ગદર્શનમાં આ બેઠકમાં જૂનાગઢ મહાનગર તેમજ જિલ્લાના તમામ તાલુકાના પ્રમુખ/મહામંત્રી તેમજ સર્વે કારોબારી સદસ્યો તથા નોંધાયેલ સભાસદઓ સાદર હાજર રહેવા એક યાદીમાં જણાવેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ભગંદર, હરસ-મસા, ફિશર**
**સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર**
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
**અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર**
**બાળકો માટે સુવર્ણપ્રાશન**
**વ્યસનમુક્તિ સારવાર**
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
**ૐ આયુર્વેદ હોસ્પિટલ**
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર,
એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ,
જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦થી ૧:૩૦, સાંજે ૫:૩૦થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
● આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**
**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શ્રાવણ માસ નિમિત્તે ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦૨૫૧૨૩

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ